P.07
સેન્સરે 'વોર ૨'માં કિયારાના બિકીની સીન પર કાતર ચલાવી



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૩ । વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ વદ ૦૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 13 • Dt.13-08-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07
દીપિકા પાદુકોણ 'ધ ઇન્ટર્ન'ની રિમેકમાં જોવા નહીં મળે




યુએસમાં લેન્ડિંગ દરમિયાન બેકાબૂ વિમાનની અન્ય વિમાન સાથે ટક્કર બાદ ભીષણ આગ



07


13
AUGUST- 2025
WEDNESDAY




07

પનામા પર નિયંત્રણ મામલે ભારે વિવાદ । ટેરિફ વોર વચ્ચે યુએનએસસી બેઠકમાં ચીન - અમેરિકા આમને સામને

**અમેરીકાની ઈર્ષાના અમરેલીમાં ઉગ્ર વિરોધ**

## ભારતીય જન પરિષદના ઉપક્રમે દિલીપ સંઘાણી નાં નેતૃત્વમાં ટેરીફ વિરોધમાં સમગ્ર રાજ્યમા સર્વપ્રથમ અમરેલી ખાતે વિરોધ પ્રદર્શન

# ગુજરાત રાજ્યમાં અમરેલીથી અમેરીકન વસ્તુનો બહિષ્કાર

## ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખ ડો.ભરતભાઈ કાનાબાર સહિત વિશાળ સંખ્યામા લોકોની ઉપસ્થિતી

। પ્રતિનિધિ, અમરેલી, તા.૧૨ ।

અમેરીકાની ઈર્ષાનો ભોગ ભૂતકાળમા પણ ભારત ભોગવી ચુકેલ છે, દેશમા અનાજની તંગી ઉભી થયેલ ત્યારે પશુચારામા પણ ન ચાલે તેવા ઘઉં ભારતને મોકલી દબાવવાનો પ્રયાસ કરતા તત્કાલીન પ્રધાનમંત્રી લાલબહાદુર શાસ્ત્રી ઉપવાસપર બેસી ગયા હતા તેવીજ રીતે પોખરણના અણુ ધડાકાથી ભારતની અણુ શક્તિથી અંજાયને આર્થીક પ્રતિબંધો લગવાતા તત્કાલીન પ્રધાનમંત્રી બાજપાઈજીએ સમગ્ર દેશના સમર્થ સાથે અમેરીકા સામે અડગ ઉભા રહયા હવે રહી વાત ઓપરેશન સિંદુર ની, પાકિસ્તાન સામે આક્રમક ઓપરેશન સિંદુરની સફળતા થી ભારતની સંરક્ષણ ક્ષેત્રની આત્મનિર્ભરતા અને વિશ્વગુરૂની છબી અમેરીકાને લેશમાત્ર પસંદ ન હોવાથી ભારતને તાબે કરવા ટેરીફ ત્રાસ લાદેલ છે.

ભારતની તમામ ક્ષેત્રે પ્રગતિ અને વધતી વગને વારં વાર અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ની ટેરીફ નીતી એ સમગ્ર વિશ્વને હચમચાવી નાખી છે, દૂનિયાને દબાવવા ટેરીફ નીતી અપનાવી રહેલ ટ્રમ્પ શાસન સામે ભારત ઝુકયા વગર અડગ અને અલગ રીતે સામનો કરી અમેરીકાની ટેરીફ ધમકીને ઘરેલુ વ્યવસાય અને ઉત્પાદનને સમર્થન આપવાના પ્રયાસરૂપ ભારતીય જન પરિષદના ઉપક્રમે ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીના નેતૃત્વમા અમેરીકન ઉત્પાદનોના વિરોધ પ્રદર્શન રેલી યોજાઈ હતી જેમા વિશાળ સંખ્યામા જોડાયા હતા.



અમેરીકાની ટેરીફ નિતીની આલોચના સાથે વિરોધ પ્રદર્શની ની પહેલ અમરેલી ખાતે કરવામા આવેલ જેમા મોટી સંખ્યામા લોકઉપસ્થિતી ધ્યાનાકર્ષણ રહી. કાર્યક્રમમા સંઘાણી ઉપરાંત પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખ ડો.ભરતભાઈ કાનાબાર, દિનેશભાઈ પોપટ, જયંતિભાઈ પાનસુરીયા, કાળુભાઈ પાનસુરીયા, એડવોકેટ પીયુષભાઈ શુકલ, રામભાઈ સાનેપરા, રામજીભાઈ કાપડીયા, રાજેશભાઈ માંગરોળીયા, ભાવનાબેન ગોંડલીયા, સુરેશભાઈ શેખવા, ઘનશ્યામભાઈ ત્રાપસીયા, ભાવેશભાઈ વાળોદરા, કાળુભાઈ રામાણી, દેવેન્દ્રભાઈ ધાધલ, નરૂભાઈ પરમાર, જીજ્ઞેશભાઈ દાફડા, અલ્કાબેન ગોંડલીયા, ગીરીશભાઈ ભટ્ટ, ભાવેશભાઈ કામળીયા, સી.બી.રામાણી, હરિ કાબરીયા, સંજય(ચંદુ) રામાણી, સુનિલ સંઘાણી, ડો.આર.એસ.પટેલ, અશોકભાઈ માંગરોળીયા, મયુરભાઈ માંજરીયા, રંજનબેન ડાભી, બીપીનભાઈ જોશી, રેખાબેન માવદીયા, જયાબેન ચાવડા, ભાવેશભાઈ સોઢા, સંજયભાઈ વણઝારા, ભગીરથભાઈ ત્રીવેદી, ભરતભાઈ ચૌહાણ, જે.ભાઈ કાવઠીયા, રાજન ચોડવડીયા, એ.વી.આકોલીયા, એ.પી.બોરડ, વિજયભાઈ ડાંગર, પ્રવિણભાઈ માંગરોળીયા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહયા હતા તેમ જણાવાયેલ છે.

**નોટો બદલવા ગયેલા ત્રણ પૈકી એકને મહેસાણા એલસીબીની ટીમે પકડ્યો**

# ગુજરાતના સતલાસણામાં ૧૬.૩૫ લાખની જૂની ચલણી નોટો સાથે એક ઝડપાયો

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૧૨ ।

સતલાસણાના અંબાજી રોડ પર જૂની રૂ.૫૦૦ અને ૧૦૦૦ની રદ કરાયેલી ચલણી નોટો બદલવા ગયેલા ત્રણ જણા પૈકી એકને મહેસાણા એલસીબીએ કુલ જૂની કિંમત રૂ.૧૬,૩૫,૫૦૦ની ૨૦૮૫ નોટો સાથે ઝડપી લીધો હતો. તેની સાથેના બે વોન્ટેડને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયાં છે.મહેસાણા એલસીબીના ૫ીએસઆઈ એમ.ડી. ડાભી સહિત સ્ટાફ સતલાસણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રિ પેટ્રોલિંગમાં હતા ત્યારે સતલાસણાથી અંબાજી જતા રોડ ઉપર સ્વાગત પાર્લર આગળ રોડ ઉપર કાળા રંગનો થેલો લઈને એક શખ્સ શંકાસ્પદ હાલતમાં ઊભો હોવાની બાતમી મળી હતી. ઈન્ચાર્જ પીઆઈ એન.આર. વાઘેલાની સૂચનાથી પીઆઈ એમ. બી. પઢિયારના માર્ગદર્શન હેઠળ ટીમે સ્વાગત હોટલ આગળથી ઠાકોર આશિષ વિક્રમજી (રહે.ગુંદરાસણ, ગૌચરની બાજુમાં ખેતરમાં, તા. વિજાપુર)ને ઝડપી લઈ તેની પાસેના કાળા રંગના થેલામાં તપાસ કરતાં રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ના દરની હાલમાં ચલણમાં નથી તેવી રદ કરાયેલી જૂની ચલણી નોટોનાં ૨૧ બંડલ મળી આવ્યાં હતાં. જેમાં કુલ ૨૦૮૫ નોટો જે તે સમયની કિં.રૂ.૧૬,૩૫,૫૦૦ની હતી. પોલીસે જૂની નોટો ભરેલો થેલો તેમજ એક મોબાઈલ કિં.રૂ.૫૦૦૦નો જપ્ત કરી આશીષ ઠાકોરની અટક કરી આગળની કાર્યવાહી માટે સતલાસણા પોલીસને સોંપ્યો હતો.આશિષ ઠાકોરની સાથે જુની નોટો લઈને આવેલા વડનગરના મીરઝાપુર (ગધીયા)ના રાજપૂત કુલદિપસિંહ રમેશસિંહ અને રાજપૂત હાર્દિકસિંહ વિજયસિંહ નોટો બદલવા અહીં આવ્યા હતા.







## દહેગામમાં વિફરેલી ગાયે એક મહિલાને નીચે પાડી દઈને હુમલો કર્યો

I પ્રતિનિધિ, દહેગામ, તા.૧૨ I

દહેગામ શહેરમાં ઘણા લાંબા સમયથી રખડતા પશુઓનો ત્રાસ જોવા મળી રહ્યો છે. રખડતા પશુઓના હુમલામાં એક મહિલા સહિત ત્રણ થી ચાર લોકો ઈજાગ્રસ્ત થવાની ઘટના સામે આવતા નાગરિકોમાં ભારે ડરનો માહોલ સર્જાયો છે. શહેરમાં રખડતા પશુઓ પર ક્યારે અંકુશ આવશે એવા સવાલો ઊભા થઈ રહ્યા છે. પ ાલિકાતંત્ર આ મામલે કડકમાં કડક કામગીરી કરશે એની લોકો રાહ જોઈ રહ્યા છે.દહેગામ જીઈબી કચેરી નજીક વડ પાસે વિફરેલી ગાય એક મહિલાને નીચે પાડી દઈને હુમલો કરતા આ મહિલાના બંને પગે ફ્રેક્ચર થઈ જવાની ઘટના બની છે. દહેગામના વાત્સલ્ય બંગ્લોઝમાં રહેતા આશાબેન શાહ તથા તેમના પતિને પણ વિફરેલી ગાયના હુમલામાં ઈજાગ્રસ્ત થયા હતા.

## સુરતમાં સામૂહિક આપઘાતના પ્રયાસની ઘટના સામે આવી

I પ્રતિનિધિ, સુરત, તા.૧૨ I

સુરતમાં સામૂહિક આપઘાતના પ્રયાસની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરત રેલવે સ્ટેશન પર બે બાળકો સાથે માતા માલગાડી ટ્રેન આગળ સૂઈ ગઈ હતી. જોકે, ટ્રેનની અડફેટે આવતા મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બંને બાળકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હાલ બાળકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, મંગળવારે (૧૨ ઓગસ્ટ) ૨૭ વર્ષીય મહિલા બે બાળકો ૩ વર્ષીય પુત્ર અને ૫ વર્ષીય પુત્રી સાથે બપોરે ૧૨ વાગ્યે સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ની આગળ પહોંચી હતી. આ દરમિયાન એક માલગાડી પસાર થતા ટ્રેન આગળ મહિલા બાળકો સાથે સૂઈ ગઈ હતી. ટ્રેનની અડફેટે આવતા મહિલાના શરીરના બે ટુકડાં થઈ ગયાં હતાં. જ્યારે બંને બાળકોને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ૧૦૮ દ્વારા સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### ટ્રેનોમાં ૧૫૦નું વેઈટિંગ, એરફેર આસમાને

# મિનિ વેકેશન માટે દ્વારકા, સોમનાથ અને આબુ પહેલી પસંદ

**અમદાવાદથી દ્વારકા માટેનું ખાનગી બસનું ભાડું ૧૬૦૦ જેટલું થઈ ગયું છે અમદાવાદથી સોમનાથ માટે પણ આવી જ સ્થિતિ છે**

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ I

આગામી ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસ, ૧૬ ઓગસ્ટ જન્માષ્ટમી અને ત્યારબાદ રવિવાર એમ ૩ દિવસ રજાને પગલે બહાર ફરવા જવા માટેનો ધસારો વધ્યો છે. અમદાવાદથી સોમનાથ જવા માટેની ટ્રેનનું વેઈટિંગ ૧૫૦ જેટલું થઈ ગયું છે, જ્યારે દ્વારકા માટે એસટીની ૧૬માંથી ૧૩ બસ પેક થઈ ગઈ છે. બીજી બાજું અમદાવાદથી ગોવા અને જયપુર જવા માટેના એરફેર ૧૮ હજાર સુધી પહોંચી ગયા છે. આ સિવાય પ્રાઈવેટ કેબમાં પણ સામાન્ય દિવસો કરતાં ભાડામાં વધારો કરી દેવાયો છે.મળતી માહિતી મુજબ, હાલ ખાસ કરીને સોમનાથ, દ્વારકા જવા માટે સૌથી વધુ ધસારો છે. અમદાવાદથી દ્વારકા માટેની એસટી બસ પેક થઈ ગઈ છે. એસટી બસોમાં ટિકિટ નહીં મળતાં દ્વારકા જવા માગતા આ તકનો લાભ લઈને ખાનગી બસોએ પણ ભાડામાં સામાન્ય દિવસો કરતાં વધારો કરી દીધો છે. અમદાવાદથી દ્વારકા માટેનું ખાનગી બસનું ભાડું ૧૬૦૦ જેટલું થઈ ગયું છે. અમદાવાદથી સોમનાથ માટે પણ આવી જ સ્થિતિ છે. ૧૪ ઓગસ્ટે અમદાવાદથી સોમનાથ જતી ૧૪માંથી ૧૨ બસ પેક થઈ ગઈ છે.

| સ્થળ | વેઈટિંગ |
|---|---|
| દ્વારકા | ૭૪ |
| સોમનાથ | ૧૪૯ |
| જૂનાગઢ | ૬૩ |
| ઉજ્જૈન | રિગ્રેટ |
| આબુ | ૩૬ |
| ઉદયપુર | ૨૧ |
| મુંબઈ | ૧૦૨ |
| ગોવા | રિગ્રેટ |





મુસાફરોના ધસારાને પગલે દ્વારકા સોમનાથ જવા માટે વધારાની બસ દોડાવવી પડે તેવી સંભાવના છે. ટ્રેનોમાં પણ અમદાવાદથી સોમનાથ જવા માટે વેરાવળ સુધી જવા માટેની ટ્રેનમાં વેઈટિંગ ૧૫૦ જેટલું છે. આ સિવાય દ્વારકા માટે ૬૪, જૂનાગઢ માટે ૬૩નું વેઈટિંગ છે. ઉજ્જૈન અને ગોવા જવા માટે 'રિગ્રેટ' એટલે કે ટિકિટ મળી શકવા માટે અસમર્થતા જ દર્શાવી દેવામાં આવી છે. અમદાવાદથી આબુ રોડ જતી ટ્રેનનું વેઈટિંગ ૩૬ છે.અમદાવાદથી વિવિધ સ્થળનું મહત્તમ એરફેર

| સ્થળ | એરફેર (રૂપિયા) |
|---|---|
| ગોવા | ૧૭,૦૦૦ |
| મુંબઈ | ૧૧,૦૦૦ |
| દેહરાદૂન | ૧૦,૧૦૦ |
| જયપુર | ૧૮,૪૫૯ |
| દીવ | ૫,૦૭૨ |
| પૂણે | ૧૨,૪૫૧ |

ફ્લાઈટનું ભાડું વધ્યું

વિમાનની મુસાફરીની વાત કરવામાં આવે તો અમદાવાદથી ગોવા અને જયપુરની ફ્લાઈટમાં સૌથી વધુ ધસારો છે.

## ઘોઘારોડ પોલીસ મથકનો કર્મચારી પીધેલી હાલતમાં ઝડપાયો

I પ્રતિનિધિ, ભાવનગર, તા.૧૨ I

ગુજરાતમાં નશાબંધીનો અમલ કરાવનાર પોલીસ જ નશાનો બંધાણી નીકળે તોમાં કોઈ નવાઈ નથી. દારૂબંધી કે અન્ય પ્રોહિબિશનનો કાયદો ભલે અમલમાં હોય પણ બધુ જ માત્ર કાગળ પર દેખાય છે. ભાવનગરમાં ASI કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપાયા છે. આ ASI ઘોઘારોડ પોલીસ મથકમાં ફરજ બજાવે છે. PIએ ASI સામે કાર્યવાહી કરવા આદેશ કર્યો છે.પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનગરમા ઘોઘા રોડ પોલીસ મથકમાં ફરજ બજાવતો ASI કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપાયો છે. ક્રાઈમ રાયટર હેડ પૃથ્વી-રાજસિંહ રાયજાદા સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ASI એ બોલાચાલી કરી અધિકારીઓને અપશબ્દો બોલ્યા હતાં. જેથe PIએ ASI સામે કાર્યવાહી કરવા આદેશ કર્યો હતો. ઘોઘારોડ પોલીસ મથકનો ક્રાઈમ રાયટર હેડ કેફી પીણું પીધેલી હાલતમાં તેના જ પોલીસ મથકમાંથી જ ઝડપાયો હતો.ક્રાઈમ રાયટર હેડ પૃથ્વીરાજસિંહ રાયજાદા સામે તેના જ પોલીસ મથકમાં કેફી પીણું પીધેલાની ફરીયાદ નોંધાઈ છે.ASI એ કામ બાબતે બોલાચાલી કરીને અધિકારીઓને બેફામ ગાળો ભાંડી હતી. પી.આઈ દેસાઈ એ ASI સામે કાર્યવાહી કરવાના આપેલા આદેશ બાદ પોલીસ ફરીયાદ નોંધાઈ હતી. પોલીસ કર્મચારી સામે તેના જ પોલીસ મથકમાં કેફી પીણું પીધેલાની ફરિયાદ નોંધાતા પોલીસ બેડામાં ભારે ચર્ચાનો માહોલ શરૂ થયો છે.

### ગુજરાત સરકારે રદ કર્યો નિર્ણય

# રાજ્યમાં પંચાયત તલાટીઓના માથે ફરી એકથી વધુ ગામડાઓની જવાબદાર

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ I

છેલ્લાં ઘણા વખતથી મહેસૂલ તલાટીઓને પ્રતિનિયુક્તિથી પંચાયત વિભાગના હસ્તક મૂકવા સરકારે વિચારણા કરી હતી. આ મામલે કોર્ટના દરવાજા ખખડાવવામાં આવ્યા હતા. આખરે કોર્ટના આદેશને પગલે સરકારે નિર્ણય રદ કરવો પડ્યો છે. તલાટીઓની ઘટ પ્રવર્તી રહી છે ત્યારે ગામડાઓમાં હવે એક જ તલાટીથી કામ ચલાવવુ પડે તેવી સ્થિતિ પ રિણમી છે.ગુજરાતમાં આજે પણ ચાર હજારથી વધુ તલાટીઓની ઘટ પ્રવર્તી રહી છે. તલાટીઓના અભાવે ગ્રામ પંચાયતના શાસન-વહીવટ પર વ્યાપક અસર થઈ રહી છે. રાજ્ય સરકારે મહેસૂલી તલાટીને પ્રતિનિયુક્તિ પર પંચાયત વિભાગ હસ્તક મૂકવા



વિચારણા કરી હતી. વર્ષ ૨૦૧૭માં સરકારે પાંચ મંત્રીઓની કમિટી નીમી આ નિર્ણય કર્યો હતો. પ્રત્યેક ગામમાં તલાટી હોય તેવા હેતુસર આ નિર્ણય કરાયો હતો. પણ આ નિર્ણયને કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. આખરે આ નિર્ણય સરકારે રદ કરવો પ ડયો છે. હવે મહેસૂલ તલાટીઓને પંચાયત હસ્તક નહીં મૂકાય.સરકારે નિર્ણય બદલતાં સ્થિતિ એવી થઈ છે કે, રાજ્યમાં તલાટીઓની ઘટ પ્રવર્તી રહી છે. એક તલાટીના શિરે બે ત્રણ ગામડાની જવાબદારી છે. દરેક ગામમાં રોડ રસ્તા, પાણી, વેરા, પ ાણીપત્રકથી માંડીને અન્ય બધીય કામગીરી તલાટીએ કરવી પડે છે. મહેસૂલી તલાટી કરતાં પંચાયત હસ્તક તલાટીઓ પર કામનું ભારણ વધુ રહ્યુ છે. બીજી બાજુ, હજુ સરકારે તલાટીઓની ભરતી કરી નથી. આ સિવાય એવું પણ જાણવા મળ્યું કે, સરકારે નિર્ણય રદ કરતાં હવે મહેસૂલી અને પંચાયત વિભાગની અલગ અલગ ભરતી કરાશે. આમ, ફરી એક જ તલાટીથી કામ ચલાવવુ પડે તેમ છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં પંચાયત હસ્તક તલાટીઓની સંખ્યા માત્ર ૧૦,૭૦૦ છે. આ જોતાં બધાય ગામડાઓમાં તલાટી હોય તેવો સરકારે સંકલ્પ કર્યો છે પણ ભરતી કરતી નથી. રાજ્ય સરકારે મહેસૂલી તલાટીને પ્રતિનિયુક્તિ પર પંચાયત વિભાગ હસ્તક મૂકવા વિચારણા કરી હતી.

## બગોદરા હાઈવે પર ગોઝારા અકસ્માતની ઘટના સામે આવી

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ I

અમદાવાદમાં બગોદરા હાઈવે પર ગોઝારા અકસ્માતની ઘટના સામે આવી છે. આજે વહેલી સવારે આશરે ત્રણ વાગ્યાની આસપાસ અમદાવાદ રાજકોટ હાઈવેપર રોહિકા પાટીયા પાસે અકસ્માત સર્જાયો. હાઈવેપર એક ટ્રક ઉભી હતી અને તેની પાછળ અમદાવાદ તરફથી આવતી ટ્રક ધડાકાભેર અથડાઈ. ટ્રક વચ્ચેની અથડામણમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળ પર જ મોત નિપજયું. જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી છે.શહેરમાં બગોદરા હાઈવે પર અનેક વખત અકસ્માતની ઘટના બનવા પામે છે. આજે ફરી બગોદરા હાઈવે અકસ્માતનો હાઈવે બન્યો. બગોદરા હાઈવે પર સામાન્ય રીતે મોડી રાત્રે ભારે વાહનોની અવરજવર વધુ રહેતી હોય છે. દરમિયાન આજે રોહિકા પાટીયા પાસે વહેલી સવાર ત્રણ વાગ્યાની આસપાસ બાજરી ભરેલ એક ટ્રક રસ્તા પર ઉભી હતી. ત્યારે અમદાવાદ તરફથી આવતી એક ટ્રક રસ્તા પર ઉભેલ મોટી ટ્રકમાં ઘૂસી ગઈ. મોટી ટ્રક અને નાની ટ્રક વચ્ચેની ભયંકર અથડામણમાં ૧નું મોત અને ૧ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી.પ ોલીસે અકસ્માતમાં મૃત્યુ પામનાર વ્યક્તિના મૃતદેહનો પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો.

## ભરૂચ જિલ્લામાસાયબર ક્રાઈમના હાથ લાગ્યો ન્યૂડ કોલનો આરોપી

I પ્રતિનિધિ, ભરૂચ, તા.૧૨ I

ભરૂચ જિલ્લામાં આંગણવાડીની બહેનોને સતત હેરાન કરનાર એક આરોપીને આખરે સાયબર ક્રાઈમે પકડી પડ્યો છે. આ આરોપી પંજાબથી કાર્યરત હતો અને અવારનવાર આંગણવાડીનો બહેનોને ન્યૂડ કોલ કરીને હેરાન કરતો હતો. ભરૂચ, નેત્રંગ અને ઝઘડિયાની આશરે ૫૦ જેટલી આંગણવાડી બહેનોએ આ પ્રકારના કોલથી હેરાનગતિ ભોગવી હતી. આ ઘટનાની ફરિયાદ નોંધાયા બાદ સાયબર ક્રાઈમની ટીમે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી અને આ આરોપીને ઝડપી પાડવા માટે વિશષ ઓપરેશન હાથ ધાર્યુ હતું. આરોપીના ઝડપ ાવાથી આંગણવાડી બહેનો અને તેમના પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો છે.સાયબર ક્રાઈમની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને અન્ય સોર્સીસનો ઉપયોગ કરીને આરોપ ીની ઓળખ કરી હતી. આ ઓળખ બાદ પોલીસને જાણ થઈ કે આરોપી પંજાબનો ગુરજીતસિંઘ છે. પોલીસની ટીમ તાત્કાલિક પંજાબ રવાના થઈ અને ત્યાંથી આરોપ ીને દબોચી લીધો. ગુરજીતસિંઘને પકડી પડ્યા બાદ તેની પાસેથી મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો પણ કબ્જ કરવામાં આવ્યા છે. આ આરોપીની ધરપકડથી સાયબર ક્રાઈમની કામગીરીની સરાહના થઈ રહી છે.આ ઘટનાએ મહિલાઓની સુરક્ષા અંગે પ ોલીસની સક્રિયતા અને પ્રતિબદ્ધતા દર્શાવી છે.



<u>આગની ઘટના સામે આવી</u>

# ગુજરાત રાજ્યના વાપી જિલ્લાના કરવડમાં બાર ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ

## આગની જ્વાળા આકાશમાં દૂર દૂર સુધી ફેલાઈ જતા અફરાતફરી મચી હતી, જો કે આ ઘટનામાં કોઇ જાનહાની થઇ ન હતી

। પ્રતિનિધિ, વાપી, તા.૧૨ ।

વાપી મનપા હદ વિસ્તારના કરવડ આદર્શનગરમાં સોમવારે (૧૧મી ઓગસ્ટ) મોડી રાતે એક ગોડાઉનમાં આગ લાગ્યા બાદ એક પછી એક ૧૧ ગોડાઉન આગની લપેટમાં આવી ગયા હતા. એકસાથે ૧૨ ગોડાઉન સળગી ઉઠતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. ફાયર વિભાગની ટીમે છ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. જો કે, કોઈ જાનહાની થઈ ન હતી. મનપા દ્વારા ગેરકાયદે ગોડાઉન દૂર કરવા અભિયાન ચાલું કરાયા બાદ આ વિસ્તારના ગોડાઉન દૂર કરાયા ન હતા.



મળતી માહિતી અનુસાર, વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારના કરવડ આદર્શનનગરમાં સોમવારે મોડી રાતે એક ભંગારના ગોડાઉનમાં આગ લાગી હતી. જોતજોતામાં આગે આજુબાજુના અન્ય ૧૧ ગોડાઉનોને લપેટમાં લેતા ભારે ભાગદોડ મચી ગઇ હતી. આગની જ્વાળા આકાશમાં દૂર દૂર સુધી ફેલાઈ જતા અફરાતફરી મચી હતી. જો કે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી.

ઘટનાની જાણ થતાં વાપી મનપા, જીઆઈડીસી, નોટિફાઇડ, સરીગામ સહિતના વિસ્તારનાં ૮થી વધુ ફાયર વિભાગની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. ફિયર વિભાગે હાથ ધરેલી કવાયતમાં લગભગ છ કલાક બાદ આગ કાબુમાં આવી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, શોર્ટસર્કિટને કારણે આગ લાગી છે. આગના કારણે ગોડાઉનોમાં પ્લાસ્ટિક, કેમિકલ સહિતના વેસ્ટને કારણે આગે વિકરાળ રૂપ ધારણ કરતા ૧૨ ગોડાઉન સ્વાહા થઈ ગયા હતા.ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકાએ મોટે ઉપાડે મનપા હદ વિસ્તારમાં રહેણાંક સહિતના વિસ્તારમાં ગેરકાયદે ચાલતા ભંગારના ગોડાઉન સંચાલકોને નોટિસ પાઠવી અનેક ગોડાઉન દૂર કર્યા હતા. બાદમાં અભિયાન અટકી ગયું હતું. કરવડ વિસ્તારમાં આવેલા ગોડાઉન દૂર કરાયા ન હતા. ત્યારે તંત્ર દ્વારા આ વિસ્તારમાં કાર્યવાહી કરાય તે જરૂરી બન્યું છે. સમાંયતરે ભંગારના ગોડાઉનોમાં આગના બનતા બનાવો લોકોના જીવ સામે જોખમ અને પર્યાવરણ સામે જોખમ ઊભુ કરી રહ્યું છે. વાપી મનપા હદ વિસ્તારના કરવડ આદર્શનગરમાં સોમવારે (૧૧મી ઓગસ્ટ) મોડી રાતે એક ગોડાઉનમાં આગ લાગ્યા બાદ એક પછી એક ૧૧ ગોડાઉન આગની લપેટમાં આવી ગયા હતા. એકસાથે ૧૨ ગોડાઉન સળગી ઉઠતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. ફાયર વિભાગની ટીમે છ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. જો કે, કોઈ જાનહાની થઈ ન હતી. મનપા દ્વારા ગેરકાયદે ગોડાઉન દૂર કરવા અભિયાન ચાલું કરાયા બાદ આ વિસ્તારના ગોડાઉન દૂર કરાયા ન હતા. આગે આજુબાજુના અન્ય ૧૧ ગોડાઉનોને લપેટમાં લેતા ભારે ભાગદોડ મચી ગઈ હતી.

<u>હાલ સરકાર સામે વિરોધી માહોલ છવાયો છે</u>

# ગુજરાત રાજ્યમાં ભાજપના નેતાઓ ભીડ પણ ભેગી કરવામાં નિષ્ફળ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાતમાં હાલ સરકાર સામે વિરોધી માહોલ છવાયો છે, જેના કારણે ભાજપના ધારાસભ્ય, નેતાઓ લોકો વચ્ચે જઈ શકે તેમ નથી. એટલુ જ નહીં, ભીડ ભેગી કરવી મુશ્કેલ બન્યુ છે, ત્યારે ૧૫મી ઓગસ્ટ નજીક છે, ત્યારે ઘર ઘર તિરંગા યાત્રા કાઢવાની જવાબદારી પણ તલાટીઓના માથે થોપી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.મળતી માહિતી અનુસાર, તલાટીઓની હાલત પણ હવે આંગણવાડી વર્કરો જેવી થઈ છે. રાજ્ય સરકાર એક પછી એક કામોની જવાબદારી તલાટીઓના માથે થોપી રહી છે. જાણવા મળ્યું છે કે, ૧૫મી ઓગસ્ટ નિમિત્તે ગામમાં દાતાઓને શોધી શાળામાં રંગોળીની સ્પર્ધા કરવાની, વિદ્યાર્થીઓને ઈનામ આપવા તલાટીઓ કામે લાગ્યાં છે.ગામડાઓમાં શાળાના બાળકોને એકત્ર કરી તિરંગા યાત્રા યોજવામાં આવી રહી છે, જેમાં તલાટીઓની મુખ્ય ભૂમિકા રહી છે. આ ઉપરાંત તલાટીઓને હવે પીએમ આવાસ યોજનાનો સર્વે કરવા પણ જણાવાયું છે. લાભાર્થીઓ સાચા છે કે ખોટા તેની પણ તલાટીઓ ચકાસણી કરી રહ્યાં છે. આમ, તલાટીઓને દશા બેઠી છે. ગુજરાતમાં હાલ સરકાર સામે વિરોધી માહોલ છવાયો છે, જેના કારણે ભાજપના ધારાસભ્ય, નેતાઓ લોકો વચ્ચે જઈ શકે તેમ નથી. એટલુ જ નહીં, ભીડ ભેગી કરવી મુશ્કેલ બન્યુ છે, ત્યારે ૧૫મી ઓગસ્ટ નજીક છે.

## મારા બેંક એકાઉન્ટમાં રૂપિયા ૨ લાખ જમા છે, એક મજાકના કારણે યુવકને મળ્યું દર્દનાક મોત!

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

ચાંગોદરના તાજપુર ગામની સીમમાંથી પસાર થતી રેલ્વે લાઈન નજીકથી ૧૬મી માર્ચના દિવસે મળી આવેલ મૃતદેહના ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસએ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી સંતલાલ ગૌતમ અને મધ્યપ્રદેશના રહેવાસી રોહિતસીંગ ગોડ નામના બે આરોપીઓની ધરપકડ કરી છે. બંન્ને આરોપીઓએ માત્ર ૨ લાખ રૂપીયા મેળવવાની લાલચમાં આવીને મોહિબુલ ઈસ્લામ નામના યુવકને ગળે ટુંપો આપીને હત્યા કરી દીધી હતી. બાદમાં તેની ઓળખ ના થાય તે માટે ટી શર્ટ ચહેરા પર નાંખીને સળગાવી દીધી હતી. જો કે પોલીસ તપાસમાં બંન્નેની પોલ ખુલ્લી પડી ગઈ હતી. ઘટના અંગે વાત કરીએ તો ૧૬મી માર્ચએ સળગાવેલી હાલતમાં ચહેરા સાથે એક મૃતદેહ મળી આવ્યો હતો. જો કે યુવકનો ચહેરો સળગી ગયેલ હાલતમાં હોવાથી તેની ઓળખ કરવી પોલીસ માટે મુશ્કેલ બની હતી. પરંતુ પોલીસએ અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી. જ્યારે ૧૭મી માર્ચના દિવસે ચાંગોદરમાં આવેલ મેક્સ ગ્રાફિક્સમાં કામ કરતો મોહિબુલ ઈસ્લામની કોઈ ભાળ મળતી ના હોવાની જાણ ચાંગોદર પોલીસને કરવામાં આવી હતી.

## દેવાયત ખવડ અને તેના માણસોએ સનાથલના યુવક પર હૂમલો કર્યો

। પ્રતિનિધિ, ગીર સોમનાથ, તા.૧૨ ।

ગુજરાતમાં ડાયરા કલાકાર દેવાયત ખવડ ફરીવાર વિવાદમાં ફસાયા છે. ગીર સોમનાથના તાલાલાના ચિત્રાવડ ગામમાં તેમની કારે એક અન્ય કારને ટક્કર મારી હતી. જેના કારણે અમદાવાદના સનાથલનો ધ્રૃવરાજસિંહ નામનો યુવક ઈજાગ્રસ્ત થયો હતો. આ અકસ્માત બાદ દેવાયત ખવડના સાગરિતોએ ધ્રૃવરાજસિંહને માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ધ્રૃવરાજસિંહે સમગ્ર ઘટનામાં પોલીસમાં અરજી કરી હતી. ભોગ બનનાર યુવકને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. બીજી તરફ યુવકની કાર પણ તોડફોડ કરેલી હાલતમાં મળી આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગીર સોમનાથના તાલાલાના ચિત્રાવડ ગામમાં ડાયરા કલાકાર દેવાયત ખવડ અને તેના સાગરીતોએ અમદાવાદના સનાથલના ધ્રૃવરાજસિંહની કારને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ધ્રૃવરાજસિંહને ઈજા પહોંચી હતી. જેથી તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. સુત્રોના જણાવ્યા પ્રમાણે આ ઘટનામાં જૂની અદાવત કારણભૂત હોવાનુ ગણાય છે. સનાથલમાં થયેલા એક ડાયરામાં દેવાયત ખવડ ઉપસ્થિત નહીં રહેતા તેની કાર પર હુમલો કરાયો હતો.પોલીસે આ મામલે ફરિયાદ નોંધી હતી. પરંતુ હાલની ઘટનામાં પોલીસે અરજીના આધારે કાર્યવાહી શરૂ કરી છે.સનાથલના ધ્રૃવરાજસિંહે ગીરમાં જઈને સ્ટેટસ મુક્યું હતુ ત્યાર બાદ દેવાયત ખવડ અને તેના મિત્રો અમદાવાદથી ગીર આવ્યા હોવાની ચર્ચાઓ છે. તેમણે ભોગ બનનાર યુવકની રેકી કરી હોવાની પણ આશંકાઓ છે. પોલીસે પીડિતનું નામ અને સંપર્ક નંબર અને લોકેશન આપવા ઈનકાર કર્યો હતો. પીડિત યુવકને જૂનાગઢ ખસેડ્યો હોવાની જાણકારી મળી છે. તાલાલા પોલીસે આ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. આ સમગ્ર ઘટનામાં પોલીસે કોઈ ફરિયાદ નોંધી નથી અને ખુલાસા પણ કર્યા નથી.






## તંત્રી લેખ...

# માઓ હિંસાનો ઉકેલ

દેશના જુદા જુદા ભાગોમાં માઓવાદી હિંસા જારી રહી છે. માઓવાદી હિંસાનો અંત લાવવા માટે વિવિધ પગલા સરકાર લઇ રહી છે. જો કે વારંવાર માઓવાદી મોટા હુમલાને અંજામ આપે છે. મોદી સરકારે માઓવાદીઓનો ખાતમો કરવા અનેક ઓપરેશન પણ ચલાવ્યા છે. સુરક્ષા અને રાજકીય દ્રષ્ટિએ આનો ખાસ મહત્વ છે. જેના તરફ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. સુરક્ષા દળોની વાત કરવામાં આવે તો તેઓ પણ માઓવાદીના હિટ લિસ્ટમાં રહે છે. તક મળતાની સાથે જ માઓવાદી સુરક્ષા જવાનોને ટાર્ગેટ બનાવી નાંખે છે. માઓવાદીના પ્રથમ હુમલાનો સામનો સુરક્ષા જવાનોને જ કરવો પડે છે. આવી સ્થિતીમાં આ એક ઉત્સાહજનક દાખલો છે. સાવધાની અને તૈયારી સાથે હુમલો કરવામાં આવે તો હથિયારોના બળ પર મોટી સફળતા હાંસલ કરી શકાય છે. સાથે સાથે વન્ય વિસ્તારોમાં કબજો જમાવીને બેઠેલા માઓવાદીઓનો ખાતમો કરવામાં આવી શકે છે. માઓવાદી હુમલાના ચાર પાસા પર ધ્યાન આપી શકાય છે. પહેલી બાબત છે કે માઓવાદીઓ દ્વારા કરવામાં આવતી ખંડણી વસુલીની બાબત ખુબ જાહેરમાં ફરી એકવાર સપાટી પર આવી છે. તેન્દુપત્તા તેમની કમજોરી બનેલી છે. સરકાર આનો લાભ લઇ શકે છે. માઓવાદીઓમાં ફરી એકવાર તેલંગણા અને આંધ્રપ્રદેશ મુળના માઓવાદીઓનુ પ્રભુત્વ ફરી એકવાર જોવા મળે છે. જે રાજ્યોના આ માઓવાદીઓ છે જે રાજ્યોની સ્થિતી અપેક્ષા કરતા સારી છે. વિકાસની ગતિ પણ સારી રહી છે. જ્યારે તેની સાથે જ જોડાયેલા છત્તિસગઢ, બિહાર અને મહારાષ્ટ્રના વિસ્તાર વિકાસથી વંચિત રહી ગયા છે. પોતાની આવી રાજનિતી અને કુટનિતીને માઓવાદી ક્યા સુધી ચલાવી શકે છે. માઓવાદી વાતચીત માટે મજબુર થઇ જાય તેટલો મોટો હુમલો આ હતો કે કેમ તેની પણ ચર્ચા જોવા મળી રહી છે. માઓવાદી હમેંશા વાતચીતને સમયની બરબાદી તરીકે ગણતા રહ્યા છે. આવી સ્થિતીમાં સરકારને આગળ વધીને વાતચીત માટેની નક્કર પહેલ કરવી જોઇએ કે કેમ તે પ્રશ્ન પણ ઉપસ્થિત થઇ રહ્યો છે. બંધારણીય માળખામાં રહીને વાતચીત માટેનો માર્ગો મોકળો રાખવો જોઇએ. વનવાસીઓની વિકાસની ગતિ વધારે તીવ્ર બનશે તો જ તેમની હિંસાની ગતિ પણ ઓછી થશે. માઓવાદીઓને મુખ્યપ્રવાહમાં સામેલ કરવા માટે સતત પ્રયાસ ટોપના લેવલ પર કરવામાં આવે તે જરૂરી છે. કારણ કે તેમની સામે સતત સુરક્ષા દળોના ઓપરેશનથી વધારે ફાયદો થશે નહી. જો કે તેમની હિંસાની બાબતોને મક્કમતાપૂર્વક દાબી દેવામાં આવે તે પણ જરૂરી છે. માઓ હિંસાનો ઉકેલ વાતચીત અને નવી નવી તેમની કલ્યાણલક્ષી યોજના મારફતે જ આવી શકે છે. દેશના કેટલાક રાજ્યો હાલમાં માઓવાદી ગ્રસ્ત રહેલા છે. આવી સ્થિતીમાં તેમની સામે હિંસા કરતા વિકાસની લડાઇ ઉપયોગી બની ગઇ છે. મોદી સરકાર માઓવાદી હિંસાને ખતમ કરવા માટે માસ્ટર પ્લાન બનાવી રહી છે. જેને કેટલાક વિસ્તારોમાં તો અમલી કરવામાં આવી ચુક્યા છે. મોદી સરકાર કેન્દ્રમાં આવ્યા બાદ માઓવાદી હિંસા પહેલા કરતા રોકાઇ છે પરંતુ હાલમાં પગલા જરૂરી બન્યા છે.

# એર હોસ્ટેસ બનીને કેરિયર બનાવો

જો તમે આકાશની ઉંચાઇને સ્પર્શ કરવાના સપના ધરાવો છો તો એર હોસ્ટેસ બનીને પોતાના સપનાને સાકાર કરી શકાય છે. આધુનિક સમયમાં આનો ક્રેઝ પણ વધી રહ્યો છે. બાળપણમાં કોઇ વિમાનને ઉડતા જોઇને તેનીઅંદર બેસવા અને તેમાં નોકરી કરવાની ઇચ્છા ધરાવતી યુવતિઓ આના માટે આગળ આવી શકે છે. જો તમે દુનિયાભરમાં ફરવા માટેના શોખ ધરાવો છો તો તમારા માટે આ નોકરી સૌથી બેસ્ટ સાબિત થઇ શકે છે. આકાશમાં ઉડવા માટેના સપના ધરાવતી યુવતિ આ ક્ષેત્રમાં આવી શકે છે અને કેરિયર બનાવી શકે છે. જો તમારા ઇરાદા મજબુત છે તો આપ એર હોસ્ટેસ તરીકે કેરિયરની પસંદગી કરી શકાય છે. વર્તમાન સમયમાં ઉડ્ડયન ક્ષેત્રમાં ભારતમાં સૌથી ઝડપથી તેજી આવી રહી છે. આવી સ્થિતીમાં એર હોસ્ટેસની બોલબાલા પણ વધનાર છે. જેથી આમાં પ્રગતિ ખુબ વધારે રહેલી છે. એક સફળ એક હોસ્ટેસ બનવા માટે આકર્ષક વ્યક્તિત્વ સૌથી પ્રથમ પ્રાથમિકતા છે. સાથે સાથે ફિજિકલ ફિટનેસ પણ સૌથી વધારે જરૂરી હોય છે. આપને કેટલીક ભાષાની માહિતી રહે તે જરૂરી છે. પ્લીજેન્ટ વોઇસ અને ગુડ કોમ્યુનિકેશન સ્કીલ પણ આના માટે જરૂરી હોય છે. સાથે સાથે ટીમ ભાવના, સિસ્ટેમેટિક અપ્રોચ , પ્રજેન્સ ઓફ માઇન્ડ, પોઝિટીવ એટીટ્યુટ, તેમજ સેંસ ઓફ હ્યુમર આપના કામને વધારે સરળ બનાવી શકે છે. આ તમામ બાબતો એર હોસ્ટેસ બનવા માટે સૌથી પહેલી જરૂરીયાત હોય છે. આપને દરેક પ્રકારની સ્થિતીથી બહાર આવવા માટે માત્ર શારરિક જ નહીં બલ્કે માનસિક રીતે પણ તૈયાર થવાની જરૂર હોય છે. દેશમાં અનેક સંસ્થાઓ આ ક્ષેત્રની ચાલી રહી છે. જેમાં ફ્લાઇંગ ક્વીન એર હોસ્ટેસ, નવી દિલ્હી, વિંગ્સ એર હોસ્ટેસ એન્ડ હોસ્પિટાલિટી ટ્રેનિંગ સેન્ટર વડોદરા, ટીએમઆઇ એકેડમી ઓફ ટ્રાવેલ ટ્યુરિઝમ એન્ડ એવિએશન સ્ટડીઝ મુબઇ તેમજ એર હોસ્ટેસ એકેડમી ઓફ બેંગ્લોર કર્ણાટકનો સમાવેશ થાય છે. આ તમામ સંસ્થાઓમાં ખાસ ટ્રેનિંગ આપવામાં આવેછે. આમાં પ્રવેશ માટે કેટલીક શરતો પણ હોય છે. જે પાળવામાં આવે તે જરૂરી હોય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે એક હોસ્ટેસ વિમાની યાત્રામાં મોટી જવાબદારી અદા કરે છે. જેમાં ઇન ફ્લાઇટ જાહેરાત, તેમજ અંતર વિભાગો , સમન્વયની જાણકારી આપે છે. વિમાની યાત્રીઓની સુરક્ષાની ખાતરી કરવાની બાબત પણ તેની સાથે જોડાયેલી છે. તેમને સુરક્ષા પ્રક્રિયાઓ અંગે માહિતી આપવામાં આવે છે. ઇમનજન્સી વેળા અથવા તો સંકટની સ્થિતીમાં તમામ સહાયતા તેમના દ્વારા કરવામાં આવે છે. ભોજન ઉપલબ્ધ કરાવવાની કામગીરી પણ તેઓ સંભાળે છે. શૈક્ષણિક લાયકાતની વાત કરવામાં આવે તો કોઇ પણ માન્યતાપ્રાપ્ત બોર્ડમાંથી ૧૨મુ પાસ જરૂરી છે. આપની વય ઓછામાં ઓછી ૧૮ વર્ષની હોવી જોઇએ. સાથે સાથે આપની હાઇટ પાંચ ફુટ બે ઇન્ચ જેટલી હોવી જોઇએ. તમામ લોકો જે જાણકાર છે તે કહે છે કે ડોમેસ્ટિક એરલાઇન્સની એર હોસ્ટેસનો પગાર શરૂઆતમાં ૨૫ હજારથી લઇને ૪૦ હજાર સુધી હોય છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

### ભારતમાં દર વર્ષે લગભગ ૧.૧ મિલિયન નવા કેસ આવી રહ્યા છે

**માનવ શરીર ઘણા કોષોથી બનેલું છે આ કોષો શરીરની જરૂરિયાત પ્રમાણે ઉત્પન્ન થતા રહે છે પરંતુ જો તે અનિયંત્રિત બને અથવા શરીરની માંગ અને જરૂરિયાતો અનુસાર બંધ થઈ જાય, તો પછી કોશિકાઓની આ અનિયંત્રિત વૃદ્ધિને કેન્સર કહેવામાં આવે છે**

# દુનિયામાં મોતનું કારણ બનતી બીમારીમાં કેન્સરનું સ્થાન બીજું છે

**કેન્સરથી મોતના આંકડામાં વધારોથઇ રહ્યો છે છેલ્લાં ૧૦ વર્ષમાં કેન્સરના કિસ્સામાં ૨૮ ટકાનો વધારો થયો છે અને તેનાથી થતાં મોતની સંખ્યામાં ૨૦ ટકાનો વધારો થયો છે મેડિકલ જર્નલ ઓફ ઓંકોલોજીના ૧૯૯૦થી ૨૦૧૬ સુધી થયેલા અભ્યાસમાં આ આંકડા બહાર આવ્યા છે**

સમગ્ર વિશ્વમાં માનવીના મૃત્યુના કારણરૂપ રોગોમાં કેન્સર બીજા ક્રમે આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચેતવણી આપી છે કે, આગામી ૨૦૪૦ સુધીમાં સંબંધિત દેશોમાં કેન્સરના કેસોની સંખ્યામાં ૮૧ ટકાનો વધારો થઇ શકે છે.

૪ ફેબ્રુઆરીએ વિશ્વ કેન્સર દિવસઉજવાય છે. તેની પાછળ લોકોમાં કેન્સર પ્રતિ જાગૃતિ આવે. કેન્સરથી મોતના આંકડામાં વધારોથઈ રહ્યો છે.છેલ્લાં ૧૦ વર્ષમાં કેન્સરના કિસ્સામાં ૨૮ ટકાનો વધારો થયો છે અને તેનાથી થતાં મોતની સંખ્યામાં ૨૦ ટકાનો વધારો થયો છે. મેડિકલ જર્નલ ઑફ ઑકોલૉજીના ૧૯૯૦થી ૨૦૧૬ સુધી થયેલા અભ્યાસમાં આ આંકડા બહાર આવ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા અનુસાર દુનિયામાં મોતનું કારણ બનતી બીમારીમાં કેન્સરનું સ્થાન બીજું છે. ડૉક્ટરો કહે છે કે કેન્સર મોટી ઉંમરે થનારી બીમારી છે, પણ હવે ઓછી ઉંમરે પણ લોકોને કેન્સર થવા લાગ્યું છે. હવે તો ૨૦-૨૫ની ઉંમરના યુવાનોને પણ કેન્સર થયેલું જોવા મળી રહ્યું છે.

ભારતમાં દર વર્ષે લગભગ ૧.૧ મિલિયન નવા કેસ આવી રહ્યા છે. આમાંથી, કેન્સરના બે તૃતીયાંશ નિદાન મોડા તબક્કે નિદાન કરવામાં આવે છે, જેનાથી દર્દીઓના જીવવાની સંભાવના ઓછી થાય છે. એક એવો અંદાજ છે કે ભારતમાં દર ૮ મિનિટમાં એક મહિલા સર્વાઇકલ કેન્સરથી મૃત્યુ પામે છે. પુરુષો અને સ્ત્રીઓમાં ૨૦૧૮ માં તમાકુ અને ધૂમ્રપાનને કારણે ૩,૧૭,૯૨૮ મૃત્યુ થયા હતા. પુરુષોમાં (ઓરલ કેવીટી) મૌખિક પોલાણ અને ફેફસાંના કેન્સરનાં મોત ૨૫% છે, જ્યારે સ્ત્રીઓના સ્તન કેન્સર અને મૌખિક પોલાણ કેન્સરમાં મૃત્યુ દર ૨૫% છે.



### કેન્સરના પ્રકાર

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન અનુસાર, દર ૧૦માંથી એક ભારતીયને કેન્સરનું જોખમ છે અને ૨૦૨૫ સુધીમાં દેશના ૧૬ લાખ લોકો કેન્સરનો શિકાર બની શકે છે. જેમાં સૌથી વધુ સ્તન કેન્સરના દર્દીઓ હશે. આ ખતરનાક રોગના ૧૦૦ થી વધુ પ્રકારો છે. આમાંના સૌથી સામાન્ય છે ચામડીનું કેન્સર, સ્તન કેન્સર, ફેફસાનું કેન્સર, પ્રોસ્ટેટ કેન્સર, કોલોરેક્ટલ કેન્સર, મૂત્રાશયનું કેન્સર, મેલાનોમા, લિમ્ફોમા, કિડની કેન્સર છે. મહિલાઓમાં સ્તન, કોલોરેક્ટલ, ફેફસાં, સર્વાઇકલ અને થાઇરોઇડ કેન્સર સૌથી સામાન્ય છે, જ્યારે ફેફસાં, પ્રોસ્ટેટ, કોલોરેક્ટલ, પેટ અને લીવર કેન્સર પુરુષોમાં સૌથી સામાન્ય છે.

### કેન્સરના કારણો

કેન્સર થવાના ઘણા કારણો છે. જો કે, સૌથી સામાન્ય કારણોમાં ધૂમ્રપાન, તમાકુ, શારીરિક પ્રવૃત્તિનો અભાવ, નબળો આહાર, એક્સ-રેમાંથી કિરણોત્સર્ગ, સૂર્યના યુવી કિરણો, ચેપ, કૌટુંબિક જનીનો વગેરે છે.

કેન્સર એ કોઇ એક જ બીમારી નથી પરંતુ તે ઘણી બધી બિમારીઓનો સમૂહ છે. ૨૫૦ કરતાં પણ વધારે પ્રકારના કેન્સર આપણને સતાવી રહયા છે. મોટાભાગના કેન્સરનું નામ કયા અંગ અથવા કયા પ્રકારના કોષથી તેની શરૂઆત થાય છે તેનાં પરથી હોય છે. દા.ત. મોટા આંતરડાના મોટાભાગથી શરૂ થતાં કેન્સરને આંતરડાનું કેન્સર કહે છે અને ચામડીના પાયાના કોષોથી જે કેન્સરની શરૂઆત થઇ હોય તેને ચામડીનું કેન્સર કહેવામાં આવે છે.

### વર્લ્ડ કેન્સર ડેનો ઈતિહાસ

વિશ્વ કેન્સર દિવસ સૌ પ્રથમ૧૯૯૩માં સ્વિટ્ઝર્લેન્ડના જિનીવામાં ઉજવાયો હતો. યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ (યુઆઈસીસી) દ્વારા ૪ ફેબ્રુઆરીએ ૧૯૩૩માં વિશ્વ કેન્સર દિવસની ઉજવણી અને સ્થાપના કરવામાં આવી હતી. ૪ ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ, યુઆઈસીસીએ કેટલીક અન્ય અગ્રણી કેન્સર સોસાયટીઓ, રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, ટ્રીટમેન્ટ સેન્ટર્સ અને પેશન્ટે ગ્રુપની સહાયથી તેનું આયોજન કર્યું હતું.

આપણા દેશમાં કેન્સર જેવી બીમારી અને તેના ઈલાજનો ઉલ્લેખ આયુર્વેદ અને પ્રાચીન પાંડુલિપિમાં મળે છે. જર્નલ ઑફ ગ્લોબલ ઑક્રોલૉજીના જણાવ્યા અનુસાર ભારતીય મધ્યકાલીન સાહિત્યમાં કૅન્સરનો ઉલ્લેખ ઓછો જોવા મળે છે. ૧૭મી સદી પછી કૅન્સરના કિસ્સાની નોંધ થવા લાગી હતી. ૧૮૬૦થી ૧૯૧૦ દરમિયાન ભારતીય ડૉક્ટરોએ કૅન્સરની તપાસ અંગે ઘણાં સંશોધનો અને અહેવાલો પ્રગટ કર્યા હતાં.

### કેન્સર કેવી રીતે થાય છે ?

આપણું શરીર ઘણાં બધાં કોષોનું બનેલું હોય છે. વધારે કોષોને પેદા કરવા માટે આવા કોષો વૃધ્ધિ પામતાં રહે છે અને તેનું નિયંત્રીતપણે વિભાજન થતું રહે છે કારણ કે આપણા શરીરને તંદુરસ્ત રાખવા માટે આમ થવું જરૂરી છે. જયારે કોષો જૂના થઇ જાય અથવા તેને કોઇ જાતની ઈજા પહોંચે ત્યારે આવા કોષો મરી જાય છે અને તેની જગ્યાએ નવા કોષો પેદા થાય છે. જો કે ઘણીવાર આવી કોષોની વ્યવસ્થિતપણે થતી પ્રક્રિયા ખોટવાઇ જાય છે. જયારે કોષોના જૈવિક તત્વો (ડી.એન.એ)ને કોઈ જાતની ઈજા પહોંચે અથવા તેમાં બદલાવ આવે ત્યારે તે મ્યુટેશન્સ પેદા કરે છે. જેની અસર કોષોની સામાન્ય વૃધ્ધિ અને વિભાજન પર પડે છે. જયારે આવું થાય છે ત્યારે કોષો મરતાં નથી કે જયારે તેમણે મરવું જોઇએ અને તેની જગ્યાએ શરીરને જરૂર નથી હોતી તો પણ નવા કોષો બને છે.આવા વધારાના કોષો મળીને કોષોનો જાળીદાર સમૂહ બનાવે છે જેને ગાંઠ કહેવામાં આવે છે, જો કે બધી જ ગાંઠ કેન્સરની નથી હોતી. આવી ગાંઠ સાદી કે કેન્સરની કોઈપણ હોઈ શકે.

માનવ શરીર ઘણા કોષોથી બનેલું છે. આ કોષો શરીરની જરૂરિયાત પ્રમાણે ઉત્પન્ન થતા રહે છે. પરંતુ જો તે અનિયંત્રિત બને અથવા શરીરની માંગ અને જરૂરિયાતો અનુસાર બંધ થઈ જાય, તો પછી કોશિકાઓની આ અનિયંત્રિત વૃદ્ધિને કેન્સર કહેવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા અનુસાર કૅન્સરને કારણે થતાં મોત પૈકી ત્રીજા ભાગના કિસ્સાઓમાં શરીરની લંબાઈ કરતાં ઓછું વજન, ફળ અને શાકભાજીનો ઓછો ઉપયોગ, કસરતનો અભાવ અને તમાકુ તથા શરાબનું સેવન જવાબદાર હોય છે. તમાકુ ૪૦ ટકા કિસ્સામાં તમાકુના સેવનને લીધે કૅન્સર થયું હોય એવું જોવા મળે છે. તમાકુના સેવનને કારણે મોઢામાં, સ્વાદુપિંડમાં, ગળામાં, અંડાશયમાં, ફેફસાંમાં અને સ્તનમાં કૅન્સર થતું જોવા મળે છે. જીવનશૈલી ભારતમાં કૅન્સરની વધી રહેલી બીમારી માટે ડૉક્ટર્સની જીવનશૈલીમાં ફેરફાર, લોકોમાં વધતી સ્થૂળતા, સરેરાશ આયુષ્યમાં વધારાને તથા નિદાનની સુવિધા વધી તેને ગણાવે છે. ભારતમાં સ્થૂળતા, ખાસ કરીને ફાંદને કારણે ગૉલ બ્લેડર, સ્તન અને કોલોનના કૅન્સર સૌથી વધુ થઈ રહ્યા છે.

ધૂમ્રપાન ઉપરાંત પ્રદૂષણને પણ ફેફસાંના કૅન્સર માટે જવાબદાર માને છે.



### જે લોકો સતત ટેન્શનમાં રહે છે તેમની કામગીરી નબળી થતી જાય છે

**વૈજ્ઞાનિકોને આશા છે કે આ નવી શોધના કારણે ડિપ્રેશનમાં રહેલા લોકોની સારવાર ભવિષ્યમાં વધારે સરળ થઇ જશે.તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ફિશ ઓઇલ યાદશક્તિમાં ૧૫ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો કરે છે**

# ડિપ્રેશનથી યાદશક્તિની સમસ્યા

**ટેન્શનના કારણે દિમાગમાં સેલ્સનુ નિર્માણ અટકી પડે છે જેથી યાદશક્તિ માટેની સમસ્યા સર્જાય છે : ફિશ ઓઇલ લાભકારી સાબિત થઇ શકે છે**

ટેન્શન યાદશક્તિ અને દિમાગ સંબંધિત અનેક સમસ્યામાં વધારો કરી શકે છે. અમેરિકાની બ્રીઘમ યંગ યુનિવર્સિટના સાયકલોજી વિભાગના પ્રોફેસર ડોનાલ્ડ શેલ્ટન અને બ્રોક કિરવાને વ્યાપક અભ્યાસ અને અનેક વર્ષ સુધી રિસર્ચ કર્યા બાદ હવે ધડાકો કર્યો છે કે જે લોકો સતત ટેન્શનમાં રહે છે તેમની યાદશક્તિ ખુબ ઓછી થઇ જાય છે. જે લોકો ટેન્શનમાં રહે છે તેમના કામકાજના સ્તરમાં પણ ઘટાડો થઇ જાય છે. તેમની કામ કરવાની શક્તિ ઘટી જાય છે.

આ નિષ્ણાંતોનુ કહેવુ છે કે દિમાગમાં બે હિસ્સા હોય છે. જ્યાં નવી કોશિકાઓ બનતી રહે છે. તે પૈકી એક હિપ્પોકેમ્પસ હોય છે જે દિમાગને સંતુલિત રાખવા માટેનુ કામ કરે છે. ટેન્શનના કારણે સેલ્સનુ નિર્માણ કામ રોકાઇ જાય છે. જેના પરિણામસ્વરૂપે દિમાગ અથવા તો



યાદશક્તિ સંબંધિત સમસ્સા ઉભી થવા લાગે છે. વૈજ્ઞાનિકોને આશા છે કે આ નવી શોધના કારણે ડિપ્રેશનમાં રહેલા લોકોની સારવાર ભવિષ્યમાં વધારે સરળ થઇ જશે.તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ફિશ ઓઈલ યાદશક્તિમાં ૧૫ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો કરે છે. આ ઉપરાંત ઘણી તકલીફોને પણ દૂર કરે છે. સોલમન અને ટ્રોટ જેવી ઓઇલી ફિશને ડાઇટમાં લેવાથી યાદશક્તિ સુધારે છે.હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ન્યૂઝીલેન્ડમાં મેસી યુનિવર્સિટીમાંથી વેલેમાં સ્ટોન હાઉસ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. આ ટીમે ડીએચએ ધરાવતાં ઘટક તત્ત્વો પણ ઉપલબ્ધ કરાવ્યા છે. સોલમન જેવી ફૂડ વસ્તુઓમાં ઓમેગા-૩ ફેટ્ટી એસિડના તત્ત્વો જોવા મળ્યા છે. આમા જણાવવામાં આવ્યું છે કે ૧૭૬ સ્વસ્થ પુખ્તવયના લોકોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર યાદશક્તિ જ નહીં બલ્કે હાડકાઓને મજબૂત કરવામાં પણ ફિશ ઓઈલ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સારવાર બાદ જાણવા મળ્યું કે દરેકની યાદશક્તિમાં વધારો થાય છે. આ ઉપરાંત શરીરના અન્ય ઘટકોની તાકાત પણ વધે છે. પ્રથમ વખત અભ્યાસમાં આ બાબત જાણવા મળી છે ડીએચએ ઘટક તત્ત્વોથી યુવા સ્વસ્થ પુખ્તવયના લોકોની યાદશક્તિમાં સુધારો થાય છે. બ્રિટનના જાણીતા અખબાર ડેલી મેલે સ્ટોન હાઉસને ટાકીને આ મુજબનો ઘટસ્ફોટ કર્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે બ્રેઈનને મજબૂત રાખવા અને દિમાગને વધુ કુશળતા સાથે કામ કરે તે માટે ફિશ ઓઈલ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તારણો બાદ ફિશ ઓઈલને લઈને વધુ અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે. ફિશ ઓઈલ અને યાદશક્તિ વચ્ચે સીધા સંબંધ હોવાના મામલે કોઈ નક્કર તારણો અપાયા નથી પરંતુ પ્રાથમિક વાત પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે જેને લઈને વધુ અભ્યાસ હવે હાથ ધરવામાં આવે તેવી વકી છે. ટેન્શનને લઇને પહેલા પણ અનેક અભ્યાસના તારણો જારી કરવામાં આવ્યા છે

# જ્યારે પણ કંપનીઓ પોતાના વર્કફોર્સમાં ઘટાડો કરે છે ત્યારે સૌથી પહેલા આઉટપુટ સંતોજનક ન ધરાવનારાને કાઢે છે : ચોક્કસ કારણ છે

કોરોનાની સ્થિતી હળવી બની ચુકી છે પરંતુ ઉદ્યોગો અને કંપનીઓ હજુ પણ સંપૂર્ણ પણે રિકવર થઇ રહી નથી જેથી ખર્ચમાં સતત કાપ મુકવામાં આવી રહ્યા છે. મોટી સંખ્યામાં લોકોને નોકરીમાંથીદુર પણ કરવામાં આવી ચુક્યા છે. આ પ્રકારની સ્થિતીમાં લોકોની આર્થિક સ્થિતી વધુને વધુ ખરાબ થઇ રહી છે. જાણકાર લોકો માની રહ્યા છે કે સ્થિતી હજુ વણસી શકે છે.જેથી નોકરી કરી રહેલા તમામ લોકોને વધારે પ્રમાણમાં કુશળતા વધારી દેવાની જરૂર દેખાઇ રહી છે. કોરોનાના કારણે થયેલી પરેશાની હજુ પણ દુર થઇ શકી નથી. તમામ કર્મચારીઓની નોકરી પર હવે ખતરો તોળાઇ રહ્યો છે. મોટી પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા પણ તેમના કર્મચારીઓના પગારમાં કાપની જાહેરાત કરી દેવામાં આવી છે. જેમાં રિલાયન્સ, ઇન્ડીગો સહિતની તમામ મોટી કંપનીઓ સામેલ રહેલી છે. નોકરી કરતા તમામ કર્મચારીઓને નોકરી જવાની દહેશત સતાવતી રહી છે. આ જ કારણસર તેમની સામાજિક લાઇફ પર તેની સીધી અસર થાય છે. નોકરી કરતા લોકોને લઇને કેટલાક અભ્યાસ કરવામાં આવ્યા છે. કેટલાક સર્વે પણ કરવામાં આવ્યા છે. જેમાં કેટલીક નક્કર બાબત ઉભરીને સપાટી પર આવી છે. જ્યારે કંપની પોતાના વર્કફોર્સમાં ઘટાડો કરવાની શરૂઆત કરે છે ત્યારે સૌથી પહેલા એવા લોકોની પસંદગી કરે છે જે લોકોના આઉટપુટથી તે બિલકુલ સંતુષ્ટ નથી. ત્યારબાદ કંપનીઓ કેટલાક ચોક્કસ કારણથી પણ લોકોને નોકરીમાંથી કાઢે છે. આજના સમયમાં વ્યક્તિ સારી નોકરી કરવા માટે ઇચ્છુક હોય છે. સાથે સાથે કંપનીમાં લાંબા સમય સુધી રહેવા માટે ઇચ્છુક હોય



છે. જેથી દરેક કર્મચારી કંપનીમાં સખત મહેનત કરે છે. સાથે સાથે પોતાને બેસ્ટ સાબિત કરવાના પ્રયાસ કરે છે. પરંતુ કેટલીક વખત સ્થિતી સાથ આપતી નથી. જેથી કંપની જુદા જુદા કારણોસર કર્મચારીઓમાં છટણી પ્રક્રિયા હાથ ધરે છે. એવા સમયમાં કર્મચારીને લાગે છે કે જો તે કોઇ ખાસ તૈયારી કરી લેવામાં સફળ રહી હોત તો તેની નોકરી બચી ગઇ હોત. જો તમને પણ આવુ લાગે છે તો અનિશ્ચિતના માહોલમાં આપની નોકરી પર પણ તલવાર લટકી રહીછે તો સમય રહેતા કેટલાક નક્કર પગલા ચોક્કસપણે લેવા જોઇએ. જેથી નોકરી સુરક્ષિત રહી શકે છે. આપને આપની નોકરીને ટકાવી રાખવા માટે નવી કુશળતા પણ સિખવી જોઇએ. કેટલાક કારણોસર નોકરી પર હમેંશા ખતરો રહે છે. નવી સ્કીલ નહી સિખવાની સ્થિતીમાં પણ ખતરો રહેછે. દરેક કંપની સ્પર્ધાના યુગમાં એકબીજાથી આગળ રહેવા પ્રયાસ કરે છે. કર્મચારીને પણ બીજાથી આગળ રહેવા માટે પોતાની કુશળતાને વધારીને તૈયારી કરવી પડે છે. જો નોકરીના ગાળા દરમિયાન કોઇ નવી કુશળતા શિખતા નથી તો તમે મુશ્કેલીમાં આવી શકો છો. કર્મચારીને સમયની સાથે સાથે નવી કુશળતા ચોક્કસપણે શિખી લેવી જોઇએ. હવે મૈસિવ ઓપન ઓનલાઇન કોર્સેસ મારફતે અપસ્કીલ સરળ બની ગઇ છે. આ ઓનલાઇન કોર્સ લાંબી રજા લીધા વગર સરળતાથી શિખી શકાય છે. જ્યારે સ્કીલ ડેવલપમેન્ટ કોર્સ જોઇન કરવામાં આવે ત્યારે બોસને આ અંગે ચોક્કસપણે માહિતી લોકો જ ઓફિસમાં મોડી રાત સુધી રોકાતા હોય છે. પરંતુ જો તમે ગયા વર્ષની તુલનામાં ઓછુ કામ કરી રહ્યા છો તો તે ખતરનાક બની શકે છે. આપની પાસે વધારે કામ આવવાનો સંકેત એ છે કે કંપનીને આપની ક્ષમતામાં પૂર્ણ વિશ્વાસ છે. ઓછા કામનો મતલબ એ હોઇ શકે છે કે કંપનીને આપની જરૂર દેખાતી નથી. રિવોર્ડ મેળવી લેવા માટે કર્મચારીને સતત ગ્રોથ દર્શાવવાની જરૂર હોય છે. સરેરાશ નોકરી કરનારને ખતરો રહેતો નથી. પરંતુ તેમના પગારમાં વધારો પણ સામાન્ય અને સરેરાશ જ રહે છે. વેતનને લઇને કર્મચારીઓ નાખુશ રહે છે. છેલ્લા કેટલાક વર્ષોથી સરેરાશ કર્મચારીઓ અને ટોપ પરફોર્મરને આપવામાં આવતા પગાર વધારામાં અંતર છે તો એવા સંકેત છે કે કંપની આઉટ પરફોર્મરને રિવોર્ડ આપે છે. જ્યારે અંડર પરફોર્મર પર તલવાર પડી શકે છે. વાર્ષિક પગારમાં વધારો એ બાબત પર આધારિત હોય છે કે આપની કંપની આપને કેટલી હદ સુધી પસંદ કરે છે.

કંપની કર્મચારીમાં શુ વેલ્યુ જુએ છે. આપને સરેરાશ પગાર વધારાથી ઓછી હાઇક મળે છે તો કંપનીની ગુડ બુકમાં તમે સામેલ નથી. આપની વિચારધારા અને કંપની માટે મહત્વ રાખે છે. જો આપના બોસ આપની સલાહ મેળવે છે તો આનો મતલબ એ છે કે આપ યોગ્ય છે.


Cyber Octet™
CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD
BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD
Learn Ethical Hacking & Cyber Security
WHY JOIN CYBER OCTET ?
LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
TASK AND RESEARCH BASED TRAINING
100 % PLACEMENT ASSISTANCE
LIVE PROJECTS
INTERNATIONAL ACCREDIATION
TRAINING BY:-
THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT
ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)
WHO CAN JOIN
STUDENTS
WORKING PROFESSIONALS
BUSINESS OWNERS
Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad
91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com



૨૩ કિલોમીટર લાંબો રહેશે રૂટ

# લખનઉંમાં નવી મેટ્રો લાઈનને મળી કેબિનેટની મંજૂરી

। લખનઉં, તા.૧૨ ।

કેન્દ્રીય કેબિનેટની બેઠક આજે મળી હતી, જેમાં દેશના કરોડોના વિકાસ કામને મંજૂરી આપવામાં આવી છે. કેબિનેટની બેઠકમાં લખનઉ મેટ્રોને લઈને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કેબિનેટમાં ઉત્તરપ્રદેશની રાજધાનીમાં નવા મેટ્રો રૂટનું કામ ખુબ જ ઝડપી શરૂ કરવામાં આવશે, તેવી જાહેરાત કરવામાં આવશે. લખનઉના ચારબાગથી વસંત કુંજ સુધી નવી મેટ્રો લાઈન નાખવામાં આવશે. આ લગભગ ૨૩ કિલોમીટર લાંબી મેટ્રો લાઈન હશે અને તેનું કામ લગભગ ૫ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.તમને જણાવી દઈએ કે લખનઉંમાં નવી મેટ્રો લાઈન નાખવા માટે સરકાર દ્વારા ૫,૮૦૧ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે લખનઉં શહેર ખુબ જ મોટું છે અને મેટ્રોની ખાસ જરૂર શહેરના લોકોને છે. ઘણી વખત ભારે ટ્રાફિકજામ પણ શહેરમાં થઈ જાય છે. શહેરમાં મેટ્રો લાઈન શરૂ થયા બાદ લોકોને મોટી રાહત મળશે. શહેરીજનોને ટ્રાફિકમાંથી છુટકારો મળશે અને તેમના પૈસાની પણ બચત થશે. કારણ કે મેટ્રોમાં મુસાફરી કરવી શહેરીજનોને સસ્તી પડશે.આ સિવાય કેબિનેટની બેઠકમાં અન્ય મોટા ૩ નિર્ણય લેવામાં આવ્યા છે. કેબિનેટની બેઠકમાં સેમીકન્ડક્ટરના ૪ પ્લાન્ટને પણ મંજૂરી આપવામાં આવી છે. લખનઉં મેટ્રોના ફેઝ-૧બીને લીલીઝંડી મળી અને ત્રીજો સ્વચ્છ અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે ટાટા જલવિદ્યુત પરિયોજનાને મંજૂરી આપવામાં આવી.

કેન્દ્ર સરકાર ફાસ્ટેગ વાહનચાલકો માટે લાવી ઓફર

# ૩૦૦૦ રૂપિયાનો ફાસ્ટેગ પાસ બનાવનાર વાહનચાલકોને વાર્ષિક ૨૦૦ ટ્રિપ ફ્રી મળશે

**દેશભરમાં ૧૫ ઓગસ્ટથી નવો ફાસ્ટેગ નિયમ શરૂ । માર્ગ પરિવહન મંત્રાલયના નવા નિયમ મુજબ, તમે એક ટોલ પ્લાઝામાંથી પસાર થશો તો તેને એક ટ્રિપ માનવામાં આવશે**

। નવીદિલ્હી, તા.૧૨ ।

દેશભરમાં ૧૫ ઓગસ્ટથી નવો ફાસ્ટેગ નિયમ શરૂ થવાનો છે. વાસ્તવમાં કેન્દ્ર સરકાર સ્વતંત્રતા દિવસ પર નવો ફાસ્ટેગ પાસ લોન્ચ કરવાની છે, જેની વાર્ષિક કિંમત ૩૦૦૦ રૂપિયા છે. કોઈપણ વાહન ચાલક માત્ર ત્રણ દિવસમાં નવો ફાસ્ટેગ ટોલ પાસ એક્ટિવ કરી શકે છે. આ માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને રાજમાર્ગયાત્રા મોબાઈલ એપ પરથી એક્ટિવેશન પ્રોસેસ થઈ શકશે. સરકારે નવો ફાસ્ટેગ લોન્ચ કરવાની જાહેરાત કર્યા બાદ હવે વાહનચાલકોને ફાયદો કરાવતી ઓફર લાવી છે. સરકારે કહ્યું છે કે, ૩૦૦૦ રૂપિયાનો ફાસ્ટેગ પાસ બનાવનાર વાહનચાલકોને વાર્ષિક ૨૦૦ ટ્રિપ ફ્રી મળશે.

કેન્દ્ર સરકારે ૩૦૦૦ રૂપિયામાં નવો ફાસ્ટેગ પાસ ખરીદનાર વાહનચાલકોને ૨૦૦ મફત ટ્રિપ આપવાની જાહેરાત કરી છે, પરંતુ સવાલ એ થાય છે કે, આખરે સરકાર એક ટ્રિપ કેવી રીતે ગણશે? જો કોઈ વાહનચાલક અમદાવાદથી વડોદરા જાય અને ત્યાંથી પરત આવે તો તેને કેટલી ટ્રિપ માનવામાં આવશે? તેનો અર્થ એ છે કે, જો તમે અમદાવાદથી વડોદરા જાવ અને આ દરમિયાન કુલ ૭ ટોલ પ્લાઝા આવે તો તેને કુલ સાત ટ્રિપ માનવામાં આવશે. જો તમે અમદાવાદથી વડોદરા જઈને પરત ફરો તો તેને કુલ ૧૪ ટ્રિપ માનવામાં આવશે. માર્ગ પરિવહન મંત્રાલયના નવા નિયમ મુજબ, તમે એક ટોલ પ્લાઝામાંથી પસાર થશો તો તેને એક ટ્રિપ માનવામાં આવશે.કેન્દ્ર સરકારે જાહેર કરી નવી ટ્રિપની સુવિધા માત્ર નેશનલ હાઈવે અને નેશનલ એક્સપ્રેસ ટોલ પ્લાઝા પર જ લાગુ પડશે. જ્યારે એક્સપ્રેસવે, રાજ્ય ધોરીમાર્ગો પર પણ ફાસ્ટેગ નિયમિત રીતે ચાલુ રહેશે. માર્ગ પરિવહન મંત્રાલયનો નવો આદેશ દેશના તમામ ટોલ પ્લાઝા પર લાગુ નહીં પડે. વાહનચાલકોને નવા ફાસ્ટેગ પાસનો ફાયદો માત્ર **NHAI**ના ટોલ પ્લાઝા પર જ થશે. ઉલ્લેખનીય છે કે, નવો ફાસ્ટેગ પાસ માત્ર કાર, જીપ અને વાન જેવા વાહનો માટે છે. આ પાસ બસ અને ટ્રક જેવા મોટા વાહનોને લાગુ નહીં પડે અને તેઓએ ટોલ ટેક્સ ચુકવવો જ પડશે.સૌથી પહેલા અમે તમને જણાવી દઈએ કે, **FASTag** વાર્ષિક પાસની કિંમત ૩ હજાર રૂપિયા છે, તેને એક્ટિવેટ કરવા માટે તમારે **Rajmarg Yatra App** અથવા સત્તાવાર પોર્ટલની મદદ લેવી પડશે. **NHAI**એ કહ્યું **FASTag** વાર્ષિક પાસ અન્ય વાહનોમાં ટ્રાન્સફર કરી શકાતો નથી. આ પાસ તે જ વાહન પર લાગુ થશે જેના પર તે નોંધાયેલ છે.



## દિલ્હી બાદ રાજસ્થાનમાં રખડતાં શ્વાનને હટાવવા આદેશ

। રાજસ્થાન, તા.૧૨ ।

રાજસ્થાન હાઈકોર્ટે રાજ્યભરમાં રખડતા શ્વાન અને અન્ય પશુઓના વધતા જોખમ પર સુઓમોટો અરજી લેતા અનેક કડક નિર્દેશ જાહેર કર્યા છે. કોર્ટે ન્યાયમિત્રના અહેવાલ પરથી સરકારને જવાબ માટે સમય આપીને જરૂરી નિર્દેશ જાહેર કર્યા છે. જસ્ટિસ કુલદીપ માથુર અને જસ્ટિસ રવિ ચિરાનિયાની ખંડપીઠ સમક્ષ ન્યાયમિત્રના વકીલ વરિષ્ઠ એડવોકેટ ડૉ. સચિન આચાર્ય, એડવોકેટ પ્રિયંકા બોરાના અને એડવોકેટ હેલી પાઠકે પોતાનો પક્ષ મૂક્યો હતો. ન્યાયમિત્રએ કહ્યું કે, નાગરિકોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવું એ મ્યુનિસિપલ કોર્પોરેશન, નેશનલ હાઈવે ઓથોરિટી અને અન્ય એજન્સીઓની કાનૂની ફરજ છે. તેમ છતા, અધિકારીઓની બેદરકારીના કારણે રખડતા પ્રાણીઓના હુમલા અને કરડવાના બનાવોમાં વધારો થયો છે, જેના કારણે માનવ જીવન જોખમમાં મૂકાય છે. આ સિવાય દેશ-વિદેશના પ્રવાસીઓમાં રાજ્યની છબી ખરડાય છે. નોંધનીય છે કે, એમ્સ જોધપુરે ૧૦ ઓગસ્ટે એડવોકેટ પ્રિયંકા બોરાનાને પત્ર મોકલીને પોતાના પરિસરમાં રખડતા શ્વાનની સમસ્યા અને દર્દી તેમજ સ્ટાફ પર હુમલાની ઘટનાઓની જાણકારી આપી હતી. કોર્ટે આ પત્રને ધ્યાને લઈ સુનાવણી હાથ ધરી હતી. સુનાવણી બાદ રાજ્ય સરકાર અને સંસ્થાઓને સમય આપી જરૂરી નિર્દેશ જાહેર કર્યા હતા.

## યશવંત વર્મા વિરુદ્ધ તપાસ માટે કમિટીની રચના કરાઇ

। નવીદિલ્હી, તા.૧૨ ।

દિલ્હી હાઈકોર્ટના પૂર્વ જજ જસ્ટિસ યશવંત વર્મા વિરુદ્ધ કેશકાંડમાં મોટું પગલું ભરવામાં આવ્યું છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ જસ્ટિસ વર્મા વિરુદ્ધની ફરિયાદને ગંભીર માનીને આ મામલાની તપાસ માટે ૩ સભ્યોની કમિટી બનાવવાની જાહેરાત કરી છે. પીકર ઓમ બિરલાએ જણાવ્યું કે, 'ભારતના તત્કાલીન ચીફ જસ્ટિસના મતે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ જરૂરી છે. સાથે જ, ફરિયાદની પ્રકૃતિને જોતાં નિયમો અનુસાર પદ પરથી હટાવવાની પ્રક્રિયા પણ શરૂ કરવાની જરૂર છે. આ પ્રસ્તાવને યોગ્ય માનીને મેં તેને મંજૂરી આપી છે અને મહાભિયોગની વિનંતી પર સમિતિ બનાવી છે.'આ સમિતિમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ અરવિંદ કુમાર, મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ મનિન્દર મોહન શ્રીવાસ્તવ અને કર્ણાટક ઉચ્ચ ન્યાયાલયના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અને વરિષ્ઠ કાયદાશાસ્ત્રી બી. વી. આચાર્ય એમ ત્રણ વરિષ્ઠ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૪ માર્ચે દિલ્હીના લુટિયન્સ સ્થિત જસ્ટિસ વર્માના નિવાસસ્થાને રાત્રે લગભગ ૧૧:૩૫ વાગ્યે આગ લાગી હતી. ફાયર ફાઈટરોએ ઘટનાસ્થળે પહોંચીને આગ બુઝાવી હતી. આ દરમિયાન આગ ઓલવવા ગયેલા ફાયર બ્રિગેડને ૫૦૦ રૂપિયાની બળી ગયેલી નોટોના બંડલ મળી આવ્યા હતા.

સુપ્રીમનો મોટો નિર્ણય, સરકારની કાર્યવાહી પર લગાવી રોક

# દેશની રાજધાની દિલ્હીમાં જૂના વાહનોના માલિકોને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી

**કોર્ટે ૧૦ વર્ષ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો પર હાલ કોઈ કાર્યવાહી ન કરવાનો નિર્દેશ આપ્યો । સુપ્રીમ કોર્ટે સરકારને નોટિસ જાહેર કરીને ૪ અઠવાડિયામાં જવાબ આપવાનો નિર્દેશ આપ્યો**

। નવીદિલ્હી, તા.૧૨ ।

દિલ્હીમાં જૂના વાહનોના માલિકોને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. કોર્ટે ૧૦ વર્ષ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો પર હાલ કોઈ કાર્યવાહી ન કરવાનો નિર્દેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે ૧૦ અને ૧૫ વર્ષ જૂના વાહનો સામે કાર્યવાહી પર પ્રતિબંધ મૂકતો આદેશ જાહેર કર્યો છે. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટે સરકારને નોટિસ જાહેર કરીને ૪ અઠવાડિયામાં જવાબ આપવાનો નિર્દેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, દિલ્હી સરકારે જૂના વાહનો સામે કોઈ કાર્યવાહી ન કરવી જોઈએ. જણાવી દઈએ કે, સુપ્રીમ કોર્ટમાં ૧૦ વર્ષ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ મૂકવાના ૨૦૧૮ના આદેશ પર પુનર્વિચાર કરવાની માંગ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી.



વર્ષ ૨૦૧૪ માં, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ એ દિલ્હી-દ્રઝઈ માં વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે ૧૦ વર્ષથી જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષથી જૂના પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૧૮ માં આ આદેશને યથાવત રાખતા, દિલ્હીના પરિવહન વિભાગને આવા વાહનોને જપ્ત કરવા અને સ્ક્રેપ કરવાનો નિર્દેશ આપ્યો હતો. ૨૦૨૪ જાહેર કરી હતી અને લગભગ ૬૨ લાખ જૂના પેટ્રોલ-ડીઝલ વાહનોને રસ્તાઓ પરથી દૂર કરવા અને તેમને સ્ક્રેપ કરવાની પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો હતો, પરંતુ આ આદેશનો વિરોધ કરવામાં આવ્યો હતો. લોકો અને સામાજિક સંગઠનોએ આ આદેશનો સખત વિરોધ કર્યો હતો. દિલ્હી-એનસીઆરમાં જૂના વાહનો પર સુપ્રીમ કોર્ટનો તાજેતરનો નિર્ણય છેલ્લા ઘણા મહિનાઓથી ચાલી રહેલી કડકતામાં એક મહત્વપૂર્ણ વળાંક છે. રાજધાનીમાં ૧૦ વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષથી વધુ જૂના પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ પહેલાથી જ લાગુ છે. કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ અને ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટે તેમને 'એન્ડ ઓફ લાઈફ' એટલે કે ઈ- વાહનો જાહેર કર્યા છે.

૧ જુલાઈથી, પેટ્રોલ પંપ પર છદ્વઁઈ કેમેરા લગાવવામાં આવ્યા હતા, જે આવા વાહનોની નંબર પ્લેટ ઓળખે છે અને તેમને ઈંધણ આપતા અટકાવે છે. દિલ્હી સરકારે પોલીસ અને ટ્રાન્સપોર્ટ એન્ફોર્સમેન્ટ ટીમો સાથે મળીને ઘણા વિસ્તારોમાં દેખરેખ વધારી દીધી હતી.

**રાહુલ ગાંધીના ચૂંટણી પંચ પર ગંભીર આરોપ**

## વોટ ચોરી મુદ્દે રાહુલ ગાંધીનો ફરી ચૂંટણી પંચ પર પ્રહાર

। નવીદિલ્હી,તા.૧૨ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ સામે બાયો ચઢાવી છે. તેમણે વોટર લિસ્ટમાં છેડછાડ અને વોટર લિસ્ટ રિવિઝન મુદ્દે ફરી ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું છે કે, 'બંધારણમાં લખેલું છે કે, એક વ્યક્તિ, એક મત. તેનો અમલ કરવો ચૂંટણી પંચની ડ્યુટી છે. પિક્ચર હજુ બાકી છે, અમે રોકાઈશું નહીં, અમે બંધારણનું રક્ષણ કરી રહ્યા છે.મંગળવારે (૧૨મી ઓગસ્ટ) સંસદ ભવનની બહાર પત્રકારો સાથે વાત કરતા કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે, 'વોટ ચોરી માત્ર એક બેઠકની વાત નથી, ઘણી બેઠકો છે. આ રાષ્ટ્રીય સ્તરે અને વ્યવસ્થિત રીતે થઈ રહ્યું છે. ચૂંટણી પંચ જાણે છે કે, હવે અમારી પાસે પુરાવા છે. એક વ્યક્તિ, એક મત લાગુ કરવાની જવાબદારી ચૂંટણી પંચની છે, પરંતુ તેમણે કર્યું નથી. વિપક્ષ ફક્ત બંધારણનું રક્ષણ કરી રહ્યા છીએ અને કરતા રહીશું.'વોટર લિસ્ટમાં ગોટાળાઓ અંગે રાહુલ ગાંધીએ કહ્યું કે, 'બિહારમાં વોટર લિસ્ટ રિવિઝન દરમિયાન ચૂંટણી પંચે દરૌંડામાં એક મહિલાની ઉંમર ૧૨૪ વર્ષ જાહેર કરી છે. આવા અસંખ્ય કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે.' બીજી તરફ વાયનાડ લોકસભા બેઠકના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું છે કે, 'રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં બધું જ કહી દીધું છે. કેવી રીતે નકલી મતદારો ઉમેરવામાં આવ્યા છે. નામ, સરનામાં, સંબંધીઓના નામ... બધું જ નકલી છે.ઉલ્લેખનીય છે કે સોમવારે (૧૧મી ઓગસ્ટ) રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષી સાંસદોએ મતદાર યાદીમાં અનિયમિતતાના મુદ્દા પર ચૂંટણી પંચના કાર્યાલય સુધી કૂચ કરી હતી. આ દરમિયાન પોલીસે રાહુલ ગાંધી અને અન્ય સાંસદોને અટકાત કરી હતી. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ સામે બાયો ચઢાવી છે. તેમણે વોટર લિસ્ટમાં છેડછાડ અને વોટર લિસ્ટ રિવિઝન મુદ્દે ફરી ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું છે કે, 'બંધારણમાં લખેલું છે કે, એક વ્યક્તિ, એક મત. તેનો અમલ કરવો ચૂંટણી પંચની ડ્યુટી છે.

## ન્યૂઝ બ્રિફ



### ઓડિશાનું સુપ્રસિદ્ધ ધામ જગન્નાથ મંદિરનો મહાપ્રસાદ ઓનલાઇન નહી મળે

। ઓડિશા, તા.૧૨ ।

ઓડિશાનું સુપ્રસિદ્ધ ધામ જગન્નાથ મંદિરના મહાપ્રસાદના ઓનલાઈન વેચાણને લઈને કેટલાક સંગઠનો દ્વારા મંદિર પ્રશાસનને અનુરોધ કરાયો હતો જેને નામંજૂર કરી દેવાયો છે. કાયદા મંત્રી પૃથ્વીરાજ હરિચંદને કહ્યું કે પુરી મંદિરનો મહાપ્રસાદ અને સુકા પ્રસાદને ઓનલાઈન દ્વારા ક્ષદ્ધાળુઓ સુધી પહોંચાડવાનો અનુરોધ કર્યો હતો જેને રાજ્યસરકારે નામંજૂર કરી દીધો છે.કાયદા મંત્રી પૃથ્વીરાજ હરિચંદને કહ્યું કે વિશ્વભરના ભક્તોને પ્રસાદ પહોંચાડવાનો વિચાર સારો હતો, પરંતુ સરકાર અને શ્રી જગન્નાથ મંદિર પ્રશાસને પ્રસાદની શુદ્ધતા જાળવવા માટે આ પ્રસ્તાવને નકારી કાઢ્યો છે. તેમણે કહ્યું કે અમને ડર છે કે જો આ રીતે ભક્તોને મહાપ્રસાદ પહોંચાડવામાં આવે તો તેની શુદ્ધતા જળવાઈ રહેશે કે નહીં તે ખબર નથી. મહાપ્રસાદનું ધાર્મિક મહત્વ ખૂબ ઊંડું છે અને તેને આદર સાથે રાખવું જોઈએ. પરંપરાગત રીતે તે ફક્ત મંદિર પરિસરમાં જ વેચાય છે અને જો તે ઓનલાઈન વેચાય છે તો તેની શુદ્ધતા સાથે ચેડા થઈ શકે છે.પૃથ્વીરાજ હરિચંદને કહ્યું કે સરકાર આવી કોઈ પહેલને સમર્થન આપતી નથી કે પ્રોત્સાહન આપતી નથી. ન તો અમારી પાસે આવી કોઈ દરખાસ્ત છે અને ન તો અમે કોઈને ઓનલાઈન મહાપ્રસાદ વેચવા માટે પ્રોત્સાહન આપીશું. કાયદા મંત્રીએ ભક્તોને મહાપ્રસાદ લેવા અને દેવતાઓના આશીર્વાદ લેવા માટે પુરી જગન્નાથ મંદિરમાં આવવા અપીલ કરી છે.કાયદા મંત્રી પૃથ્વીરાજ હરિચંદનનું આ નિવેદન ત્યારે સામે આવ્યું છે.

### ટ્રેનના એન્જીનમાં ઘુસી ગયો પાગલ, મુસાફરોમાં અફરાતફરી

। મધ્યપ્રદેશ, તા.૧૨ ।

મધ્યપ્રદેશના ગ્વાલિયર રેલ્વે સ્ટેશન પર સોમવારે એક વિચિત્ર ઘટના બની, જેનાથી મુસાફરો અને રેલ્વે કર્મચારીઓ આશ્ચર્યચકિત થઈ ગયા. જ્યારે એક વ્યક્તિ ટ્રેનના એન્જિનમાં ઘૂસી ગયો અને લોકો પાયલોટની સીટ પર બેસી ગયો અને જાહેરાત કરી કે આજે હું ટ્રેન ચલાવીશ. આ ઘટનાએ ટ્રેનને અડધો કલાક મોડી તો કરી જ, પણ મુસાફરોના શ્વાસ પણ અધ્ધર કરી દીધા. ગ્વાલિયરથી મુરેનાના સુમાવલી-સબલગઢ જતી ટ્રેન પ્લેટફોર્મ નંબર ૩ પર રવાના થવાની તૈયારીમાં હતી. અચાનક એક યુવાન એન્જિન કેબિનમાં ઘૂસી ગયો અને લોકો પાયલોટની સીટ પર બેસી ગયો. તેણે માત્ર સીટ જ નહીં, પણ લોકો પાયલોટને કહ્યું કે આજે હું ટ્રેન ચલાવીશ! લોકો પાયલોટ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે યુવાન અડગ રહ્યો. આ દરમિયાન, તેની હરકતોનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો.જેમ મુસાફરોને ખબર પડી કે કોઈ અજાણ્યો વ્યક્તિ એન્જિનમાં બેઠો છે, ટ્રેનમાં સવાર હજારો મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો. કેટલાક મુસાફરો ગભરાટમાં ટ્રેનમાંથી નીચે ઉતરી ગયા. લોકો પાઈલટે સમજદારી દાખવી અને તાત્કાલિક કંટ્રોલ રૂમને જાણ કરી.

## અમેરિકામાં મિસિસિપી નદીમાં હેલિકોપ્ટર ક્રેશ, ૨ લોકોના મોત નિપજયાં

। વોશિંગ્ટન,તા.૧૨ ।

અમેરિકામાં ફરી એકવાર એક ભયંકર અકસ્માત થયો છે. ગુરુવારે અમેરિકાના ઈલિનોઈસમાં એક હેલિકોપ્ટર મિસિસિપી નદીમાં ક્રેશ થયું. આ અકસ્માતમાં ૨ લોકોના મોત થયા છે. યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનએ આ અકસ્માત અંગે માહિતી આપી છે. મિઝોરી સ્ટેટ હાઈવે પેટ્રોલના કોર્પોરલ ડલ્લાસ થોમ્પસને બંનેના મોતની પુષ્ટિ કરી છે અને કહ્યું છે કે અન્ય કોઈને ઈજા થઈ નથી. અકસ્માત બાદ નદીને વાણિજ્યિક નેવિગેશન માટે બંધ કરી દેવામાં આવી છે.

## બહુમતી છતાં મહારાષ્ટ્રમાં એનડીએમાં આંતરિક વિખવાદ

। નવીદિલ્હી, તા.૧૨ ।

મહારાષ્ટ્રની મહાયુતિ સરકારમાં નારાજગીના સમાચાર સામાન્ય છે. આ વચ્ચે આજે ૧૨ ઓગસ્ટના રોજ કેબિનેટની બેઠક યોજાઈ છે. આ બેઠકમાં ઉપ-મુખ્યમંત્રી અને શિવસેનાના અધ્યક્ષ એકનાથ શિંદે હાજર રહ્યા નહોતા. તેઓ રવિવારથી જમ્મુ-કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં હતા.

એટલું જ નહીં, તાજેતરમાં જ એકનાથી શિંદે વિધાનસભા સત્રની વચ્ચે દિલ્હી આવ્યા હતા. અહીં તેમણે અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. તેમજ આજની બેઠકમાં તેમની ગેરહાજરીના કારણે મહારાષ્ટ્રની એનડીએ સરકારમાં બધું બરાબર છે કે નહીં, તે સવાલ ફરી ઉઠવા લાગ્યો છે. અટકળોને વધુ વેગ એટલા માટે મળી રહ્યો છે કારણ કે તેમના નજીકના મંત્રી ભરત ગોગાવાલેએ પણ આ બેઠકમાં હાજરી આપી નહોતી.

એવું માનવામાં આવે છે કે એકનાથ શિંદે પોતાને અને તેમના મંત્રીઓને અવગણવામાં આવતા હોવાથી નારાજ છે. ભલે તેમની પાસે હાલ વિકલ્પોની કમી હોય અને આ સમયે સાથ છોડવો યોગ્ય ન હોય, પરંતુ અંદરખાને નારાજગી યથાવત છે. તેમની એક ચિંતા એ પણ છે કે દેવેન્દ્ર ફડણવીસની સરકારમાં શિવસેના કરતાં અજિત પવાર અને તેમના લોકોને વધુ મહત્ત્વ મળી રહ્યું છે.તેમજ ગોગાવાલેની નારાજગી અંગે એવું અહેવાલ છે કે તેમને રાયગઢ જિલ્લાના પ્રભારી મંત્રી ન બનવવાના કારણે તેઓ નારાજ છે.

**વૈશ્વિક પડકારો વચ્ચે રાહતના સમાચાર** | **કેન્દ્ર સરકાર દ્વારા જાહેર સત્તાવાર આંકડાઓ અનુસાર, જુલાઈમાં રિટેલ મોંઘવારીનો દર ઘટી ૧.૫૫ ટકા થયો છે**

# રિટેલ મોંઘવારી જુલાઈમાં ઘટી આઠ વર્ષના તળિયે

। નવીદિલ્હી, તા.૧૨ ।

દેશમાં વૈશ્વિક પડકારો વચ્ચે એક રાહતના સમાચાર મળ્યા છે. સ્થાનિક સ્તરે રિટેલ મોંઘવારી આઠ વર્ષના તળિયે નોંધાઈ છે. જે તહેવારોની સીઝનમાં લોકોને વધુ ખરીદી કરવા પ્રેરશે. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર સત્તાવાર આંકડાઓ અનુસાર, જુલાઈમાં રિટેલ મોંઘવારીનો દર ઘટી ૧.૫૫ ટકા થયો છે. જે જૂન, ૨૦૨૫ના ૨.૧૦ ટકા સામે ૫૫ બેઝિસ પોઈન્ટ ઘટ્યો છે. જે જૂન, ૨૦૧૭ બાદ સૌથી નીચો રિટેલ ફુગાવો છે.

જુલાઈ ૨૦૨૫માં ખાદ્ય ફુગાવો ઘટીને -૧.૭૬% થયો હતો, જે જૂનમાં -૧.૦૧% હતો. ખાદ્યચીજોના ભાવ સતત બીજા મહિને ઘટ્યા છે. આ ઘટાડો કઠોળ, શાકભાજી, અનાજ, ખાંડ અને પરિવહનના ખર્ચમાં ઘટાડાને કારણે થયો હતો. જુલાઈમાં નોંધાયેલ આ દર જાન્યુઆરી ૨૦૧૯ ૫છીનો સૌથી ઓછો ખાદ્ય ફુગાવો છે. ગ્રામીણ



વિસ્તારોમાં ફુગાવો જુલાઈમાં ૧.૧૮% રહ્યો હતો, જે જૂનમાં ૧.૭૨% કરતા ઘટ્યો છે. શહેરી ફુગાવો પણ ૨.૫૬% થી ઘટી ૨.૦૫% થયો છે. હાઉસિંગ ક્ષેત્રમાં ફુગાવો લગભગ ૩.૧૭% પર સ્થિર રહ્યો, શિક્ષણમાં તે ૪.૩૭%થી ઘટી ૪%, જ્યારે આરોગ્ય ક્ષેત્રમાં ફુગાવો જૂનમાં ૪.૩૮% થી વધીને ૪.૫૭% થયો હતો.અમુક ખાદ્ય પદાર્થોમાં મોંઘવારી દર અપેક્ષા કરતાં નીચો રહ્યો છે. જેમાં અનાજ (૩.૦૩ ટકા), દૂધ અને ડેરી ઉત્પાદનો (૨.૭૪ ટકા) અને ખાંડ અને કન્ફેક્શનરી ઉત્પાદનો (૩.૨૮ ટકા)નો સમાવેશ થાય છે. બીજી બાજુ જુલાઈમાં ફળોના ભાવમાં વધારો થયો હતો. તેનો ફુગાવો ૧૪.૪૨ ટકા રહ્યો હતો. તેલ અને ચરબીયુક્ત ઉત્પાદનો ૧૯.૨૪ ટકા મોંઘા થયા હતાં. ઈંધણ અને વીજ શ્રેણીનો ફુગાવો ૨.૬૭ ટકા નોંધાયો હતો.

૫૦ અર્થશાસ્ત્રીઓના રોઈટર્સ સર્વેમાં જુલાઈમાં રિટેલ ફુગાવો ઘટીને ૧.૭૬% થવાનો અંદાજ હતો. ઈંમ્ની મોનેટરી પોલિસી કમિટી (રૂંઝ) દ્વારા રિટેલ મોંઘવારી ૫.૫૦% પર યથાવત રાખી હતી. ફેબ્રુઆરીથી સતત ત્રણ વખત રેપોરેટ કુલ ૧૦૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. જો કે, ઓગસ્ટમાં રેપો રેટ જાળવી રાખ્યો હતો. દેશમાં વૈશ્વિક પડકારો વચ્ચે એક રાહતના સમાચાર મળ્યા છે. સ્થાનિક સ્તરે રિટેલ મોંઘવારી આઠ વર્ષના તળિયે નોંધાઈ છે. જે તહેવારોની સીઝનમાં લોકોને વધુ ખરીદી કરવા પ્રેરશે.

# ઉત્તરાખંડમાં રેડ એલર્ટ બાદ કેદારનાથ યાત્રા 3 દિવસ માટે બંધ





ઉત્તરાખંડ : ઉત્તરાખંડમાં કેદારનાથ યાત્રા ત્રણ દિવસ માટે બંધ રાખવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આ ક્ષેત્રમાં ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કર્યા બાદ આ યાત્રા ત્રણ દિવસ માટે બંધ રાખવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્રને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. તીર્થયાત્રીઓ અને સ્થાનિક લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. કેદારનાથ આવનારા તમામ યાત્રીઓ માટે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. એડવાઈઝરીમાં શ્રદ્ધાળુઓને વિનંતી કરવામાં આવી છે કે, હવામાન વિભાગની ચેતવણીને ધ્યાનમાં રાખીને તમે હાલમાં યાત્રા કરવાનું ટાળો. ડીએમ પ્રતીક જૈને જિલ્લાના તમામ વિભાગોને એલર્ટ મોડ પર રહેવાનો નિર્દેશ આપ્યો છે. હવામાન વિભાગે ૧૨, ૧૩ અને ૧૪ ઓગસ્ટના રોજ રુદ્રપ્રયાગ સહિત ઉત્તરાખંડના અલગ-અલગ જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી આપી છે.ભારે વરસાદની ચેતવણીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. જિલ્લા અધિકારી પ્રતીક જૈને જણાવ્યું કે, વહીવટી તંત્રએ ૧૨, ૧૩ અને ૧૪ ઓગસ્ટ માટે કેદારનાથ યાત્રા સ્થગિત કરી છે. હવામાન વિભાગે રુદ્રપ્રયાગ અને રાજ્યના અન્ય જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદનું રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, તેને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રને એલર્ટ પર રાખવામાં આવ્યું છે. સુરક્ષાની પણ સઘન વ્યવસ્થા કરવામાં આવી છે.

## દીપિકા પાદુકોણ 'ધ ઇન્ટર્ન'ની રિમેકમાં જોવા નહીં મળે



। મુંબઈ, તા.૧૨ ।

વર્ષોની રાહ જોયા પછી, 'ધ ઈન્ટર્ન'ની હિન્દી રિમેક આખરે બની રહી છે, પરંતુ આ હવે, દીપિકા પાદુકોણ તેમાં જોવા મળશે નહીં. પહેલા અમિતાભ બચ્ચન સાથે તે અભિનય કરવાની હતી, પરંતુ હવે તેણે ફક્ત તેની કંપની, કેએ પ્રોડક્શન્સ હેઠળ ફિલ્મનું પ્રોડ્યુસ કરવાનું નક્કી કર્યું છે. આ ફિલ્મની પ્રક્રિયા સાથે જોડાયેલા એક સૂત્રએ જણાવ્યું હતું કે, "હવે, દીપિકા આ ફિલ્મમાં અભિનયથી દૂર રહીને ફક્ત પ્રોડ્યુસર તરીકે કામ કરશે, સર્જનાત્મક અને લૉજિસ્ટિકલ બાબતોનું ધ્યાન રાખશે. એક લીડ એક્ટ્રેસ આ રોલ ભજવવા માટે કાસ્ટ કરવામાં આવી રહી છે જે દીપિકા એક સમયે ભજવવાની હતી."સૂત્રએ ઉમેર્યું હતું કે દીપિકા આ ફિલ્મનો ઉપયોગ તેની સર્જનાત્મક ક્ષિતિજોને વિસ્તારવા માટે કરી રહી છે. "ધ ઈન્ટર્ન એ પાંચ પ્રોજેક્ટ્સમાંથી પહેલી ફિલ્મ છે જે તે આગામી વર્ષમાં બનાવવાનું વિચારે છે. તે એવી વાર્તાઓ કહેવા માંગે છે જે વૈશ્વિક સ્તરે લોકોને સ્પર્શી હોય."૨૦૧૫માં આવેલી એન હેથવે અને રોબર્ટ ડી નીરો અભિનીત હોલીવુડની હિટ ફિલ્મ પર આધારિત, ફિલ્મનાં હિન્દી વર્ઝન પર ૨૦૨૦થી કામ ચ્લી રહ્યું છે, કેએ પ્રોડક્શન્સે તેના અધિકારો મેળવ્યા હતા.

### દુનિયાભરની જિયોપોલિટિક્સમાં પનામા નહેરનું ખૂબ જ મહત્ત્વ

## પનામા પર નિયંત્રણ મામલે ભારે વિવાદ । ટેરિફ વોર વચ્ચે યુએનએસસી બેઠકમાં ચીન - અમેરિકા આમને સામને

**અમેરિકાએ ચેતવણી આપી કે આ મહત્ત્વપૂર્ણ જળમાર્ગ પર ચીનનો પ્રભાવ વૈશ્વિક વેપાર અને સુરક્ષા માટે ખતરો બની શકે । ૮૨ કિલોમીટર લાંબી નહેર એટલાંટિક મહાસાગર અને પ્રશાંત મહાસાગરને જોડે છે**

। નવીદિલ્હી, તા.૧૨ ।

દુનિયાભરની જિયોપૉલિટિક્સમાં પનામા નહેરનું ખૂબ જ મહત્ત્વ છે. આ ૮૨ કિલોમીટર લાંબી નહેર એટલાંટિક મહાસાગર અને પ્રશાંત મહાસાગરને જોડે છે. કહેવામાં આવે છે કે, દુનિયાભરનો ૬ ટકા સમુદ્રી વ્યાપાર આ નહેરથી થાય છે.

એવામાં સોમવારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકમાં પનામા નહેરને લઈને અમેરિકા અને ચીન વચ્ચે ઘર્ષણ જોવા મળ્યું હતું. અમેરિકાએ ચેતવણી આપી કે આ મહત્ત્વપૂર્ણ જળમાર્ગ પર ચીનનો પ્રભાવ વૈશ્વિક વેપાર અને સુરક્ષા માટે ખતરો બની શકે છે. જ્યારે ચીને અમેરિકાના આ આરોપોને નહેર પર કબજો કરવાનું બહાનું ગણાવ્યું હતું.પનામા નહેરનું નિર્માણ વર્ષ ૧૮૮૧માં શરૂ થયું હતું. પરંતુ, ૧૯૦૪માં અમેરિકાએ આ નહેરના નિર્માણની જવાબદારી સંભાળી અને ૧૯૧૪માં અમેરિકા દ્વારા આ નહેરના નિર્માણને પૂર્ણ કરવામાં આવ્યું. ત્યારબાદ પનામા નહેર પર અમેરિકાનું નિયંત્રણ રહ્યું. પરંતુ, વર્ષ ૧૯૯૯માં અમેરિકાએ પનામા નહેરનું નિયંત્રણ પનામાની સરકારને સોંપી દીધું. હવે તેનું પ્રબંધન પનામા નહેર ઑથોરિટી દ્વારા



કરવામાં આવે છે. પરંતુ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા વર્ષે નવેમ્બરમાં ચૂંટણી જીતતા પહેલા જ પનામા પર અમેરિકાના ફરી નિયંત્રણ અંગેની વાત કરી હતી. રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પે અગાઉ કહ્યું હતું કે, અમેરિકા પનામાને પરત લઈને રહેશે અને તેના માટે અમે કંઈક મોટું પગલું લેવા જઈ રહ્યાં છીએ. ચીન જ પનામાને ચલાવી રહ્યું છે જોકે, આ નહેર ચીનને સોંપવામાં નહતી આવી. પનામા નહેર પનામાને સોંપી દેવામાં આવી હતી. પરંતુ, તેઓએ કરારનું ઉલ્લંઘન કર્યું અને અમે તેને પરત લઈને રહીશું. જેના માટે અમે અમુક મોટા પગલાં લેવા જઈ રહ્યાં છીએ.' આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં અમેરિકન રાજદૂત ડોરોથી શીયાએ જણાવ્યું કે, 'નહેર વિસ્તારમાં ચીનનો પ્રભાવ માત્ર પનામા અને અમેરિકા માટે જ નહીં, પરંતુ વૈશ્વિક વેપાર અને સુરક્ષા માટે પણ એક સંભવિત ખતરો છે.'ચીનના સંયુક્ત રાષ્ટ્રના રાજદૂત ફૂ કાંગએ પરિષદમાં અમેરિકાને જવાબ આપતા કહ્યું કે, 'પનામાએ નહેરનું સંચાલન સતત અને અસરકારક રીતે કર્યું છે. એટલું જ નહીં, શિપિંગ અને વેપારમાં પણ તેનું મહત્ત્વનું યોગદાન છે. ચીને હંમેશા નહેરની નિષ્પક્ષતાનું સન્માન કર્યું છે અને નહેર પર પોતાની સાર્વભૌમત્વની સુરક્ષા કરવા અને તેનું સંચાલન કરવામાં પનામાને ટેકો આપ્યો છે.

### આગ લાગ્યા બાદ થયો વિસ્ફોટ

## પેન્સિલવેનિયાના યુએસ સ્ટીલ પ્લાન્ટમાં વિસ્ફોટ, બેના મોત અનેક લોકો ઘાયલ

**યુએસ સ્ટીલ હવે જાપાનની નિપ્પોન સ્ટીલ કંપનીની પેટાકંપની છે કંપની પ્રશાસને કહ્યુ કે આ ઘટનાનું કારણ જાણવા તપાસ કરવામાં આવશે**

। પેન્સિલવેનિયા, તા.૧૨ ।

અમેરિકાના પેન્સિલવેનિયામાં એક સ્ટીલ પ્લાન્ટમાં વિસ્ફોટ થયો. જેમાં બે લોકોના મોત નીપજ્યા છે અને ૧૦થી વધારે લોકો ઘાયલ થયા છે. આ ઘટના સોમવારે તે પેન્સિલવેનિયાના પિટ્સબર્ગ નજીક યુએસ સ્ટીલ પ્લાન્ટમાં બની હતી. વિસ્ફોટ બાદ ઘટના સ્થળ પર દૂર દૂર સુધી ધુમાડા ગોટેગોટા ઉડતા જોવા મળ્યા હતા.પોલીસે જણાવ્યુ કે, મોન વેલી વિસ્તારમાં આવેલા એક પ્લાન્ટમાં સવારના સમયમાં આ આગ લાગી હતી. આગ બાદ અચાન વિસ્ફોટ થયો અને બાદમાં નાના નાના અનેક વિસ્ફોટ થયા. જેમાં એક કર્મચારીનુ ઘટના સ્થળે જ મોત નીપજ્યુ હતુ અને અન્ય એક વ્યક્તિનુ સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ. વિસ્ફોટનું કારણ હજુ સુધી જાણવા નથી મળ્યુ. આપને જણાવી દઈએ કે યુએસ સ્ટીલ હવે જાપાનની નિપ્પોન સ્ટીલ કંપનીની પેટાકંપની છે. કંપની પ્રશાસને કહ્યુ કે આ ઘટનાનું કારણ જાણવા તપાસ કરવામાં આવશે.નોંધનીય છે કે સપ્ટેમ્બર ૨૦૦૯ માં પણ પ્લાન્ટમાં વિસ્ફોટ થયો હતો જેમાં એક કર્મચારીનું મૃત્યુ થયું હતું. જુલાઈ ૨૦૧૦ માં ફરી એકવાર પ્લાન્ટમાં વિસ્ફોટ થયો હતો જેમાં ૧૪ કર્મચારીઓ અને છ કોન્ટ્રાક્ટર ઘાયલ થયા હતા.૨૦૨૪ માં પ્લાન્ટમાં એક અકસ્માત પણ થયો હતો જેમાં એક કર્મચારીનું બળી જવાથી મૃત્યુ થયું હતું. આ અકસ્માતોને કારણે, યુએસ સ્ટીલને સલામતીના ઉલ્લંઘન માટે દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. અમેરિકાના પેન્સિલવેનિયામાં એક સ્ટીલ પ્લાન્ટમાં વિસ્ફોટ થયો. જેમાં બે લોકોના મોત નીપજ્યા છે અને ૧૦થી વધારે લોકો ઘાયલ થયા છે. આ ઘટના સોમવારે તે પેન્સિલવેનિયાના પિટ્સબર્ગ નજીક યુએસ સ્ટીલ પ્લાન્ટમાં બની હતી. વિસ્ફોટ બાદ ઘટના સ્થળ પર દૂર દૂર સુધી ધુમાડા ગોટેગોટા ઉડતા જોવા મળ્યા હતા.પોલીસે જણાવ્યુ કે, મોન વેલી વિસ્તારમાં આવેલા એક પ્લાન્ટમાં સવારના સમયમાં આ આગ લાગી હતી. આગ બાદ અચાન વિસ્ફોટ થયો અને બાદમાં નાના નાના અનેક વિસ્ફોટ થયા. જેમાં એક કર્મચારીનુ ઘટના સ્થળે જ મોત નીપજ્યુ હતુ અને અન્ય એક વ્યક્તિનુ સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ. વિસ્ફોટનું કારણ હજુ સુધી જાણવા નથી મળ્યુ. આપને જણાવી દઈએ કે યુએસ સ્ટીલ હવે જાપાનની નિપ્પોન સ્ટીલ કંપનીની પેટાકંપની છે.

## સેન્સરે 'વોર ૨'માં કિયારાના બિકીની સીન પર કાતર ચલાવી



। મુંબઈ, તા.૧૨ ।

સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન એ 'વૉર ૨' ના નિર્માતાઓને કિયારા અડવાણીના બિકીની સીનને નવ સેકન્ડ સુધી કાપવાનો આદેશ આપ્યો છે. આ કટથી "આવન જાવન" ગીત પર અસર થઈ છે, જેણે કિયારાના પ્રથમ ઓન-સ્ક્રીન બિકીની સીન માટે લોઓકનું ધ્યાન ખેંચ્યું હતું.અહેવાલો અનુસાર, સેન્સરની તપાસ સમિતિએ કેટલાક સીન અને સંવાદો સામે વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ નિર્માતાઓએ રિવાઈઝિંગ કમિટીનો સંપર્ક કર્યો, જેણે ઘણા ફેરફારો સૂચવ્યા પછીં/છ૧૬+ પ્રમાણપત્ર સાથે ફિલ્મ મંજુર કરાઈ છે. આમાં કિયારાના પૂલ સિક્વન્સમાંથી ૯ સેકન્ડ દૂર કરવા અને "વાંધાજનક સંવાદ" ને થોડા ઓછા ઉગ્ર કરીને ફેરફારનો સમાવેશ થાય છે. "અશ્લીલ હાવભાવ" પણ કાઢી નાખવામાં આવ્યા છે. સેન્સર બોર્ડે ટીમને તમામ સેન્સ્યુઅસ સીનમાંથી ૫૦ ટકા ઘટાડવાની સૂચના આપી હતી. જ્યારે આ ફેરફારના કારણે 'આવન જાવન' ગીતને અસર થઈ છે, ત્યારે ફિલ્મના એક્શન સિક્વન્સમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. એક અહેવાલમાં જણાવાયું છે કે સેન્સરે ફાઈનલ મંજૂરી પહેલાં ફિલ્મમાંથી લગભગ ૧૦ મિનિટ કાપવાની ભલામણ કરી હતી. તેમાં કિયારાનો રિતિક રોશન સાથેનો બહુચર્ચિત બિકીની સીન પણ હતો. આ ગીત પહેલાથી જ ઓનલાઈન ચર્ચામાં હતું.

## યુએસએના ટેક્સાસમાં અંધાધૂંધ ફાયરિંગ, 3 લોકોના મોત

। ટેક્સાસ, તા.૧૨ ।

અમેરિકામાં ફરી એક વખત ગોળીબારની ઘટના સામે આવી છે. આ વખતે ટેક્સાસ રાજ્યની રાજધાની ઓસ્ટિનમાં ગોળાબાર થયો છે. અહિંયા એક બંદૂકધારીએ ટાર્ગેટ કંપનીના એક સ્ટોરના પાર્કિંગ ક્ષેત્રમાં ગોળીબારી કરીને ૨ પુખ્ત ઉંમરના લોકો અને એક બાળકની હત્યા કરી છે.ઓસ્ટિન પોલીસના જણાવ્યા અનુસાર લગભગ અજાણ્યો ૩૦ વર્ષની ઉંમરનો યુવાન જેનો માનસિક બિમારીથી પીડાવાનો ઈતિહાસ છે તેણે પાર્કિંગમાં એકાએક ગોળીબારી શરૂ કરી હતી. આરોપી પહેલાં ચોરી કરેલી કારમાં સવાર થઈને ઘટનાસ્થળથી ભાગી છૂટ્યો.

પરંતુ તે કાર બગડી પછી અન્ય એક કાર ચોરીને તે કાર લઈને લગભગ ૩૦ કિલોમીટર દૂર દક્ષિણી ઓસ્ટિનમાં પકડી લેવામાં આવ્યો છે.લિસા ડેવિસના જણાવ્યા અનુસાર પોલીસને બપોરના સમયે સૂચના મળી અને જ્યારે અધિકારી ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે પાર્કિંગ ક્ષેત્રમાં ત્રણ લોકોને ગોળી લાગી હતી અને એમાંથી એક વ્યક્તિએ જ હતો જેની તે યુવાને કાર ચોરી હતી. ઓસ્ટિન ટ્રેવિસ કાઉન્ટી ઈમરજન્સી મેડિકલ સર્વિસ અનુસાર એક મોટી ઉંમરના માણસ અને બાળકનુ ઘટના સ્થળે જ મોતી નીપજ્યુ. જ્યારે અન્ય એક વ્યક્તિનુ સારવાર દરમિયાન મોત નીપજ્યુ છે.

## વેપાર મુદ્દે અમેરિકા સાથે તણાવ વચ્ચે ભારતે બાંગ્લાદેશને આપ્યો ઝટકો । કાપડ ક્ષેત્રમાં બાંગ્લાદેશ ભારતનો મોટો હરીફ

। નવીદિલ્હી, તા.૧૨ ।

બાંગ્લાદેશ અને ભારત વચ્ચે છેલ્લા કેટલાક સમયથી સંબંધોમાં તણાવ વધી ગયો છે. શેખ હસીનાના તખ્તાપલટ બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી ગઈ છે. હવે આ બંને દેશો વચ્ચેના તણાવની અસર આયાત પર પણ દેખાઈ રહી છે. તણાવપૂર્ણ સંબંધોના કારણે ભારતે ફરી એકવાર બાંગ્લાદેશથી જમીન માર્ગે આયાત કરવામાં આવતી કેટલીક વધુ શણની પ્રોડક્ટ્સની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. ત્યારબાદ પ્રતિબંધિત માલની યાદીમાં શણની વસ્તુઓને સામેલ કરવામાં આવી છે.ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડની નોટિફિકેશન પ્રમાણે કેટલાક શણ ઉત્પાદનોની આયાત માત્ર જમીન માર્ગે પ્રતિબંધિત કરવામાં આવી છે. હજુ પણ આ વસ્તુઓની આયાત ન્હાવા શેવા પોર્ટ દ્વારા કરવામાં આવી શકે છે. નોટિફિકેશન પ્રમાણે ભારત-બાંગ્લાદેશ સરહદ પરના કોઈપણ લેન્ડ પોર્ટ પરથી બાંગ્લાદેશથી આયાત કરવાની મંજૂરી આપવામાં નહીં આવશે.

જમીન માર્ગ દ્વારા આયાત કરવા માટે પ્રતિબંધિત વસ્તુઓમાં શણ અથવા અન્ય કાપડના બાસ્ટ ફાઈબરના બ્લીચ કરેલા અને બ્લીચ ન કરેલા વણાયેલા કાપડ, સૂતળી, દોરી, શણની દોરી અને શણના કોથળાઓ અને બેગ સામેલ છે.આ અગાઉ પણ ૨૭ જૂનના રોજ ભારતે બાંગ્લાદેશથી તમામ જમીન માર્ગો દ્વારા કેટલાક શણ ઉત્પાદનો અને વણાયેલા કપડાની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. જો કે, આ આયાત હજુ પણ માત્ર મહારાષ્ટ્રના ન્હાવા શેવા બંદર દ્વારા કરવામાં આવી શકે છે. એપ્રિલ અને મે મહિનામાં પણ ભારતે બાંગ્લાદેશથી આયાત પર આ જ પ્રકારના પ્રતિબંધોની જાહેરાત કરી હતી.

**પુતિન-ટ્રમ્પની મુલાકાત પહેલા જ વિવાદ!** **યુરોપના નેતાઓએ યુક્રેનના પક્ષમાં મોરચો શરૂ કર્યો છે જેથી ટ્રમ્પની રશિયા-યુક્રેન યુદ્ધવિરામની રણનીતિમાં અવરોધો નડી શકે છે**

## યુરોપ પણ ખૂલીને યુક્રેનના સમર્થનમાં આવી ગયું

। નવીદિલ્હી, તા.૧૨ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ પુતિન વચ્ચે આ શુક્રવારે અલાસ્કામાં યોજાનારી સમિટ પર સમગ્ર દુનિયાની નજર છે. યુરોપના નેતાઓએ યુક્રેનના પક્ષમાં મોરચો શરૂ કર્યો છે. જેથી ટ્રમ્પની રશિયા-યુક્રેન યુદ્ધવિરામની રણનીતિમાં અવરોધો નડી શકે છે. આ સમિટમાં યુક્રેનની ગેરહાજરીનો વાંધો ઉઠાવતાં યુરોપના નેતાઓએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધુ છે કે, યુક્રેનના લોકોને પોતાનું ભવિષ્ય નક્કી કરવા માટે આઝાદી જોઈએ.

યુરોપના નેતાઓએ કહ્યું કે, સાર્થક વાતચીત માત્ર યુદ્ધ વિરામ કે શત્રુતામાં ઘટાડો કરવા સંબંધિત હોઈ શકે છે.



અમારો વિશ્વાસ છે કે, યુક્રેન અને યુરોપના મહત્ત્વપૂર્ણ સુરક્ષા હિતોનું રક્ષણ એ એકમાત્ર રાજકીય સમાધાન છે. હંગેરી સિવાય તમામ યુરોપિયન યુનિયનના સભ્ય દેશોએ યુક્રેનના સમર્થનમાં સંયુક્ત નિવેદન આપ્યું હતું.

ગઈકાલે સોમવારે ટ્રમ્પે જણાવ્યું હતું કે, તે રશિયા સાથે બેઠકમાં જમીનની અદલા-બદલી પર ચર્ચા કરશે. ટ્રમ્પના આ નિવેદનથી યુક્રેન અને યુરોપમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. તેમને ભય છે કે, આ વાતચીતમાં પુતિન યુરોપ-યુક્રેનની ગેરહાજરીમાં પોતાના માટે રાહતો મેળવતા શાંતિ કરારની રૂપરેખા નક્કી કરી શકે છે. રશિયા યુક્રેનનો મોટાભાગનો જમીની વિસ્તાર મેળવવા માગે છે. ઉલ્લેખનીય છે, રશિયા-યુક્રેન વચ્ચે શાંતિ કરાર મુદ્દે યોજાનારી આ બેઠકમાં માત્ર ટ્રમ્પ અને પુતિન જ હાજર રહેવાના છે. યુક્રેનના પ્રમુખની હાજરી અંગે હાલ કોઈ નિર્ણય લેવાયો નથી.

ટ્રમ્પ-પુતિન સમિટ પહેલાં યુક્રેનના સમર્થનમાં યુરોપિયન દેશોએ એકતાનું પ્રદર્શન કર્યું હતું. એકમાત્ર હંગેરીના વડાપ્રધાન વિક્ટર ઓરબાને ઈયુના નિવેદનનું સમર્થન કર્યુ નથી. ઓરબાન યુરોપમાં પુતિનના સૌથી અંગત મિત્ર ગણાય છે. જ્યારે ઈયુના ૨૭ દેશોએ યુક્રેનને સમર્થન આપતાં સંયુક્ત નિવેદન આપ્યુ હતું કે, શાંતિનો માર્ગ માત્ર યુક્રેનની ભૂમિકા સાથે જ સંભવિત છે. જે આંતરરાષ્ટ્રીય સરહદોના બળના આધારે શક્ય નથી. યુક્રેનની ગેરહાજરી કોઈપણ કરારને ફગાવી શકે છે. યુક્રેન પોતે પોતાનું ભવિષ્ય નિર્ધારિત કરશે.

રશિયાએ યુદ્ધ દરમિયાન યુક્રેનના ચાર ક્ષેત્રો પર કબજો મેળવી લીધો છે. જેમાં બે ક્ષેત્ર પૂર્વ હિસ્સામાં અને બે દક્ષિણ હિસ્સામાં છે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ સ્પષ્ટપણે કહી દીધુ છે કે, યુદ્ધવિરામ ત્યારે જ થશે, જ્યારે રશિયા યુક્રેનની જમીન છોડશે. ટ્રમ્પે ઝેલેન્સ્કીના આ નિવેદનની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, ઝેલેન્સ્કીના સમયમાં યુદ્ધ શરૂ થયુ.

### મોન્ટાનાના કાલિસ્પેલ શહેરમાં મુસાફરોએ માંડ માંડ બચાવ્યો જીવ

### ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ઝડપથી આગ પર કાબુ મેળવ્યો હતો અને વિમાન સવાર તમામ લોકોનો આબાદ બચાવ થયો

## યુએસમાં લેન્ડિંગ દરમિયાન બેકાબૂ વિમાનની અન્ય વિમાન સાથે ટક્કર બાદ ભીષણ આગ

। મોન્ટાનાના, તા.૧૨ ।

અમેરિકામાં મોન્ટાનાના કાલિસ્પેલ શહેરમાં ચોંકાવનારી વિમાન દુર્ઘટના સર્જાઈ હતી. કાલિસ્પેલ સિટી એરપોર્ટ પર સિંગલ-એન્જિન સોકાટા ટીબીએમ ૭૦૦ ટર્બોપ્રોપ વિમાન લેન્ડિંગ દરમિયાન અન્ય વિમાન સાથે અથડાયું હતું. ટક્કર બાદ વિમાનમાં ભીષણ આગ લાગી ગઈ હતી. જો કે, ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ઝડપથી આગ પર કાબુ મેળવ્યો હતો અને વિમાન સવાર તમામ લોકોનો આબાદ બચાવ થયો હતો.કાલિસ્પેલ પોલીસ ચીફ જોર્ડન વેનાન્ઝિયો અને ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન ના જણાવ્યાનુસાર, વિમાન દક્ષિણથી આવી રહ્યું હતુ અને રનવે પર લેન્ડિંગ દરમિયાન ક્રેશ થઈને અન્ય વિમાન સાથે અથડાતાં જ આગ લાગી હતી. સદનસીબે વિમાનમાં સવાર પાઇલટ અને ત્રણ મુસાફરો કોઈક રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા. બે મુસાફરોને નાની ઈજાઓ થઈ હતી, જેમની સારવાર એરપોર્ટ પર જ કરવામાં આવી હતી. અકસ્માત પછી કાલિસ્પેલ એરપોર્ટ પર અફરાતફરી મચી હતી, પરંતુ ફાયર બ્રિગેડે ઝડપથી આગ પર કાબુ મેળવ્યો. ઘણા



વિમાનોને નુકસાન થયું હતું, જેની સંપૂર્ણ વિગતો હજુ સુધી જાણી શકાઈ નથી. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન રેકોર્ડ્સ અનુસાર, સિંગલ-એન્જિન સોકાટા ટીબીએમ ૭૦૦ ટર્બોપ્રોપ વિમાન ૨૦૧૧માં બનાવવામાં આવ્યું હતું અને તે વોશિંગ્ટનના પુલમેન સ્થિત કંપની મીટર સ્કાય લિમિટેડ લાયેબિલિટી કંપની ની માલિકીનું છે. એફએએ અને અન્ય તપાસ એજન્સીઓએ અકસ્માતનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરી દીધી છે. અમેરિકામાં મોન્ટાનાના કાલિસ્પેલ શહેરમાં ચોંકાવનારી વિમાન દુર્ઘટના સર્જાઈ હતી. કાલિસ્પેલ સિટી એરપોર્ટ પર સિંગલ-એન્જિન સોકાટા ટીબીએમ ૭૦૦ ટર્બોપ્રોપ વિમાન લેન્ડિંગ દરમિયાન અન્ય વિમાન સાથે અથડાયું હતું. ટક્કર બાદ વિમાનમાં ભીષણ આગ લાગી ગઈ હતી. જો કે, ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ઝડપથી આગ પર કાબુ મેળવ્યો હતો અને વિમાન સવાર તમામ લોકોનો આબાદ બચાવ થયો હતો.કાલિસ્પેલ પોલીસ ચીફ જોર્ડન વેનાન્ઝિયો અને ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન ના જણાવ્યાનુસાર, વિમાન દક્ષિણથી આવી રહ્યું હતું અને રનવે પર લેન્ડિંગ દરમિયાન ક્રેશ થઈને અન્ય વિમાન સાથે અથડાતાં જ આગ લાગી હતી. સદનસીબે વિમાનમાં સવાર પાઈલટ અને ત્રણ મુસાફરો કોઈક રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા. બે મુસાફરોને નાની ઈજાઓ થઈ હતી, જેમની સારવાર એરપોર્ટ પર જ કરવામાં આવી હતી.

## રીબડા ફાયરિંગ કેસમાં ફરાર આરોપી હાર્દિક સિંહને અમદાવાદ લવાયો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

રાજકોટના રીબડામાં અનિરૂદ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલપંપ ઉપર ફાયરિંગ કરાવનાર મોસ્ટ વોન્ટેડ હાર્દિક સિંહ જાડેજાને સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે કેરળથી ઝડપી લીધો છે. સ્ટેટ મોનિટરિંગ સેલની બે ટીમોએ હાર્દિક સિંહ જાડેજાને કેરળના કોચીના કોચુપલ્લી રોડ પરથી શોધી કાઢ્યો હતો અને સ્વામી હોટેલ સામેથી તેની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર પછી તેને દોરડા બાંધીને ગુજરાત લવાયો છે. અહીં તેની ગોળીબાર અને અન્ય ગુનાની સંડોવણી અંગે પૂછપરછ કરવામાં આવશે. આરોપી અત્યાર સુધી ગુમ હતો અને ૧૦થી વધુ રાજ્યોમાં ફરી રહ્યો હતો. જોકે, ગોળીબાર કેસમાં સઘન તપાસમાં તે કેરળમાં હોવાનું સામે આવ્યું અને બાદમાં ત્યાંના મદુરાઈ બારમાં હોવાની બાતમી મળી હતી. જોકે, ત્યાંથી તે કેરળ જતો રહ્યો હતો. બાદમાં SMCની ટીમે કેરળથી તેની ધરપકડ કરી. નોંધનીય છે કે, આરોપી હાર્દિક સિંહ જાડેજાને હાથકડીના બદલે દોરડા વડે બાંધીને અમદાવાદ લાવવામાં આવ્યો. જેની તસવીરે એક નવી ચર્ચા શરૂ કરી છે. રીબડામાં પેટ્રોલપંપ પર થયેલા ફાયરિંગના ચર્ચાસ્પદ કેસમાં હાર્દિક સિંહની સંડોવણી ખુલી હતી. ફાયરિંગના થોડા સમય બાદ જ તેણે સોશિયલ મીડિયા ઉપર ફાયરિંગ કર્યાની કબૂલાત કરી હતી.

### સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ગણતરીના દિવસો બાકી । ગુજરાત યુનિવર્સિટીની જાહેરાત


## ૬ કિ.મીની તિરંગા યાત્રામાં હાજર રહેનારા વિદ્યાર્થીઓને એકેડેમિક ક્રેડિટ અપાશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ગણતરીના દિવસો બાકી છે. એવામાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ પર્વની ઉજવણી માટે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તિરંગા યાત્રામાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે યુનિવર્સિટી દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આ યાત્રામાં જે વિદ્યાર્થીઓ બાગ લેશે તેમની હાજરી પૂરવામાં આવશે અને તેના આધારે એકેડમિક ક્રેડિટ પણ આપવામાં આવશે.

નોંધનીય છે કે, આ પહેલીવાર હશે, જ્યારે કોઈ બિનશૈક્ષણિક પ્રવૃત્તિમાં યુનિવર્સિટી દ્વારા ક્રેડિટ આપવામાં આવે. જેનો હેતુ વિદ્યાર્થીઓને યાત્રામાં જોડવા માટેનો છે. યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતા આ પ્રોત્સાહન બાદ વિદ્યાર્થીઓમાં પણ અનેરો ઉત્સાહ છે. મળતી માહિતી મુજબ, યુનિવર્સિટી દ્વારા ૧૩ ઓગસ્ટે ૬ કિ.મી લાંબી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે ગુજરાત યુનિવર્સિટીથી





શરૂ થશે અને બાદમાં વિજય ચાર રસ્તા, હેલ્મેટ સર્કલ, વસ્ત્રાપુર, માનસી સર્કલ, ૧૩૨ ફૂટ રિંગ રોડ થઈ ગુજરાત યુનિવર્સિટી પરત આવશે. આ યાત્રામાં યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો, સરકારી પ્રતિનિધિઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહેશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલ બાદ ક્રેડિટ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. હકીકતમાં વિદ્યાર્થીઓને દરેક વિષય, કોર્સ અથવા પ્રોજેક્ટ માટે ચોક્કસ પોઈન્ટ નક્કી કરવામાં આવે છે. એક ક્રેડિટ સામાન્ય રીતે એક અઠવાડિયામાં ૧ કલાકના લેક્ચર/ શિક્ષણ કે ૨-૩ કલાકના પ્રેક્ટિકલ/પ્રોજેક્ટ કાર્ય બરાબર ગણાય છે. વિદ્યાર્થી જ્યારે એ વિષય સફળતાપૂર્વક પૂર્ણ કરે ત્યારે તેમના ખાતામાં ક્રેડિટ જમા કરવામાં આવે છે. આ ક્રેડિટ વિદ્યાર્થીની માર્કશીટમાં પણ નોંધાય છે. આ બધા ક્રેડિટ સ્કોર જોડીને નક્કી થાય છે કે, વિદ્યાર્થીએ ડિપ્લોમા, ડિગ્રી કે સર્ટિફિકેટમાં જરૂરી અભ્યાસ પૂરો કર્યો છે કે નહીં. આ યાત્રામાં જે વિદ્યાર્થીઓ બાગ લેશે તેમની હાજરી પૂરવામાં આવશે અને તેના આધારે એકેડમિક ક્રેડિટ પણ આપવામાં આવશે. સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ગણતરીના દિવસો બાકી છે.

**ગામના વિકાસ કાર્યોમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર આચરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો**

## લખતર ગ્રામ પંચાયતના મહિલા સરપંચને ડીડીઓએ કર્યા સસ્પેન્ડ

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૨ ।

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકામાં આવેલી લખતર ગ્રામ પંચાયતના મહિલા સરપંચ રંજનબેન વરમોરાને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમની સામે ગામના વિકાસ કાર્યોમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર આચરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ કાર્યવાહી બાદ લખતર પંથકમાં ચર્ચાનો વિષય બની ગયો હતો. ગ્રામ પંચાયતમાં થઈ રહેલા કાર્યોમાં ગેરરીતિ આચરવા બદલ સરપંચ રંજનબેન વરમોરા વિરુદ્ધ જિલ્લા પંચાયતમાં ફરિયાદ કરવામાં આવી હતી. આ ફરિયાદને ધ્યાનમાં રાખીને ડીડીઓએ તાત્કાલિક તપાસના આદેશ આપ્યા હતા.તાલુકા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવેલી તપાસમાં ભ્રષ્ટાચારનો ઘટસ્ફોટ થયો હતો. તપાસમાં સામે આવ્યું હતું કે સરપંચે ત્રણ મુખ્ય કામોમાં ગેરરીતિ આચરી હતી. આ કામોમાં ભૂગર્ભ ગટરનું બાંધકામ, ગ્રામ પંચાયતની જમીન ભાડે આપવા બાબત અને સ્કૂલની દીવાલના બાંધકામનો સમાવેશ થાય છે.ડીડીઓના તપાસ અહેવાલ બાદ ડીડીઓ દ્વારા સરપંચને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. આ નોટિસ બાદ ૬ ઓગસ્ટના રોજ સુનાવણી રાખવામાં આવી હતી.આ સુનાવણીમાં રજૂ થયેલા પુરાવા અને હકીકતોને ધ્યાનમાં રાખીને ડીડીઓએ ૧૧ ઓગસ્ટના રોજ મહિલા સરપંચ રંજનબેન વરમોરાને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો. સરપંચ દ્વારા વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર થયો હોવાનો ખુલાસો થતા આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ નિર્ણયથી ગ્રામજનોમાં સંતોષ જોવા મળ્યો હતો. આ ઘટના અન્ય સરપંચો માટે પણ એક ચેતવણીરૂપ છે કે સરકારી ફંડનો ઉપયોગ લોકહિતમાં જ થવો જોઈએ. જો એવું નહીં થાય તો કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે.

### પોલીસની હદનો વિવાદ ફરી ચર્ચામાં

## સનાથલ ગામમાં બે દિવસથી પાર્ક ટ્રકમાં દારૂની ૨૫,૦૦૦થી વધુ બોટલો ઝડપાઈ

**ઝોન-૭ એલસીબીના અધિકારીઓને બાતમી મળી હતી કે, એસ.પી. રિંગ રોડ પરના એક પાર્કિંગ પ્લોટમાં એક શંકાસ્પદ કન્ટેઇનર ટ્રક પાર્ક કરાયેલી છે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ ઝોન-૭ લોકલ ક્રાઈમ બ્રાન્ચે સોમવારે (૧૧મી ઓગસ્ટ) સનાથલ ટોલ ટેક્સ પ્લાઝા નજીક અમદાવાદ ગ્રામીણ પોલીસની હદમાં બે દિવસથી પાર્ક કરેલા એક ટ્રકમાંથી ૫૩.૯૫ લાખ રૂપિયાની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી લીધો હતો.



આ કાર્યવાહી કર્યા પછી ઉચ્ચ પોલીસ અધિકારીઓએ આ વિસ્તારને શહેર અને ગ્રામીણ પોલીસની હદ વચ્ચેનો 'ગ્રે ઝોન' ગણાવ્યો હતો, જેના કારણે પોલીસના હદની વિવાદ ફરી એકવાર ચર્ચામાં છે. ઝોન-૭ એલસીબીના અધિકારીઓને બાતમી મળી હતી કે, એસ.પી. રિંગ રોડ પરના એક પાર્કિંગ પ્લોટમાં એક શંકાસ્પદ કન્ટેઈનર ટ્રક પાર્ક કરાયેલી છે. ત્યારે એલસીબીએ આ ટ્રકને શોધીને તેમાં તપાસ કરતા પોલીસને ૭૫૦ અને ૧૮૦ મિ.લી.ની ૨૫,૪૬૫ દારૂની બોટલો મળી હતી. આ બધો જ દારૂ દમણથી લવાયો હતો. પોલીસનું માનવું છે કે, આ ટ્રકનો ઉપયોગ દારૂની દાણચોરી માટે જ કરાયો હતો.

ઝોન-૭ એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર વાય.પી. જાડેજાએ જણાવ્યું કે, 'સનાથલ ટોલ ટેક્સ પ્લાઝા નજીક આ ટ્રક છેલ્લા બે દિવસથી પાર્ક હતી. આ ટ્રકના તાર મહેસાણા સાથે જોડાયેલા છે. હાલ ડ્રાઈવર ફરાર છે. તેની શોધખોળ શરૂ કરાઈ છે.'

સનાથલ ટોલ ટેક્સ પ્લાઝા નજીકનું આ સ્થળ અગાઉ સરખેજ પોલીસ સ્ટેશનની હદમાં હતું. હાલમાં જ વિવિધ અધિકાર ક્ષેત્રની પુનઃફાળવણી કરાઈ, ત્યારે આ વિસ્તાર ચાંગોદર પોલીસ સ્ટેશન હેઠળ લવાયો હતો.

આ સ્થિતિમાં છેલ્લા બે દિવસ સુધી આ ટ્રક એમ જ પડી રહી હોવાથી સ્થાનિક પોલીસની સામે સવાલ ઊભા થયા છે.



રિવરફ્રન્ટ ઉપર નાગરિકો માટે મોટા ઉપાડે સી પ્લેન, હેલિકોપ્ટર રાઈડ, ક્રૂઝ અને કાયાકિંગ જેવા પ્રોજેક્ટ શરૂ કરાયા હતાં । પરંતુ આ પ્રોજેક્ટમાંથી હાલમાં એકપણ પ્રોજેક્ટ ચાલુ નથી

### રાત્રે ૧૧થી સવારે ૪ વાગ્યા સુધી કેફે ચાલુ રહેશે

## રિવરફ્રન્ટ પર ચાર મહિનાના વિરામ બાદ ફરી ક્રૂઝ સેવા શરૂ

**જન્માષ્ટમીની પ્રથમવાર ક્રૂઝ ઉપર ઉજવણી કરવામાં આવશે**
**જન્માષ્ટમી પર મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદમાં રિવરફ્રન્ટ પર નાગરિકો માટે મોટા ઉપાડે સી પ્લેન, હેલિકોપ્ટર રાઈડ, ક્રૂઝ અને કાયાકિંગ જેવા પ્રોજેક્ટ શરૂ કરાયા હતાં. પરંતુ આ પ્રોજેક્ટમાંથી હાલમાં એકપણ પ્રોજેક્ટ ચાલુ નથી. પાંચ મોટા પ્રોજેક્ટનું બાળ મરણ થયું હોવાનો વિપક્ષ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. ત્યારે રિવરફ્રન્ટ પર ફરીવાર ક્રૂઝ સેવા શરૂ કરવામાં આવી છે. હવે સહેલાણીઓ ક્રૂઝની મજા માણી શકશે.અમદાવાદના રિવરફ્રન્ટ પર મોટા પાયે શરૂ કરાયેલા પ્રોજેક્ટોનું બાળ મરણ થયું હોવાના વિપક્ષના આક્ષેપ બાદ તાત્કાલિક ક્રૂઝ સેવા શરૂ કરી દેવામાં આવી છે. ચાર મહિનાના વિરામ બાદ હવે ફરીવાર ક્રૂઝ સેવા શરૂ કરવામાં આવી છે. આ સેવા માટે ઓનલાઈન બુકિંગની સવિધા શરૂ કરાઈ છે. જન્માષ્ટમીની પ્રથમવાર ક્રૂઝ પર ઉજવણી કરવામાં આવશે. જન્માષ્ટમી પર મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ક્રૂઝમાં રાત્રે ૧૧થી સવારે ચાર વાગ્યા સુધી કેફે સેવા શરૂ કરાઈ છે.અમદાવાદના રિવરફ્રન્ટ પર સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોપ ર્રેશન લિમિટેડ દ્વારા ઝિપ લાઈન, સી પ્લેન અને હેલિકોપ્ટર રાઈડ જેવા પ્રોજેક્ટ શરૂ કરાયા હતાં. જેને કેટલાક કારણોસર બંધ કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટમાં વર્ષ ૨૦૨૩માં સાબરમતી નદીમાં શરૂ કરવામાં આવેલી ક્રૂઝ સેવાનો પણ સમાવેશ કરાયો હતો. આ સેવા છેલ્લા ચારેક મહિનાથી બંધ હતી. જે હવે અચાનક શરૂ કરી દેવામાં આવી છે. અમદાવાદમાં રિવરફ્રન્ટ પર નાગરિકો માટે મોટા ઉપાડે સી પ્લેન, હેલિકોપ્ટર રાઈડ, ક્રૂઝ અને કાયાકિંગ જેવા પ્રોજેક્ટ શરૂ કરાયા હતાં. પરંતુ આ પ્રોજેક્ટમાંથી હાલમાં એકપણ પ્રોજેક્ટ ચાલુ નથી. પાંચ મોટા પ્રોજેક્ટનું બાળ મરણ થયું હોવાનો વિપક્ષ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો.

## છોટાઉદેપુર જિલ્લામાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ કરી મહેર

। પ્રતિનિધિ, છોટાઉદેપુર, તા.૧૨ ।

લાંબા સમયના વિરામ અને ગરમીના અસહ્ય ઉકળાટ બાદ આજે છોટાઉદેપુર જિલ્લામાં મેઘરાજાએ મહેર કરી હતી. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં ભારે બફારો અને ગરમી હતી. જેના કારણે લોકો પરેશાન થઈ ગયા હતા. ત્યારે આજે વહેલી સવારથી જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા અને જોતજોતામાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. વરસાદ શરૂ થતાં જ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને લોકોએ ગરમીથી રાહતનો શ્વાસ લીધો હતો.આ વરસાદ માત્ર લોકોને ગરમીથી રાહત જ નથી આપતો પરંતુ ખેડૂતો માટે પણ આશાનું કિરણ લઈને આવ્યો હતો. વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. કારણ કે ખેતીના પાકને પ ણીની તાતી જરૂરિયાત હતી. આ વરસાદથી ખેતીના પ ાકને જીવનદાન મળ્યું હતું અને ખેડૂતોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ હતી. છોટાઉદેપુર શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો એવો વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે રસ્તાઓ પર વરસાદી પાણી વહેતા થયા હતા.જેના કારણે વાહનચાલકોને થોડી મુશ્કેલી પડી હતી. પરંતુ વરસાદનો આનંદ માણવા માટે લોકો ઘરની બહાર પણ નીકળ્યા હતા. આગામી દિવસોમાં પણ સારો વરસાદ પડે તેવી ખેડૂતો અને સ્થાનિકોમાં આશા છે. જો સારો વરસાદ થશે તો ખેતીનો પાક સારો ઉતરશે અને પ ાણીની સમસ્યામાં પણ રાહત મળશે. આ વરસાદે સમગ્ર જિલ્લામાં એક નવી ઉર્જા અને ઉત્સાહનો સંચાર કર્યો હતો. લાંબા સમયના વિરામ અને ગરમીના અસહ્ય ઉકળાટ બાદ આજે છોટાઉદેપુર જિલ્લામાં મેઘરાજાએ મહેર કરી હતી. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં ભારે બફારો અને ગરમી હતી. જેના કારણે લોકો પરેશાન થઈ ગયા હતા. ત્યારે આજે વહેલી સવારથી જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા અને જોતજોતામાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. વરસાદ શરૂ થતાં જ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને લોકોએ ગરમીથી રાહતનો શ્વાસ લીધો હતો.આ વરસાદ માત્ર લોકોને ગરમીથી રાહત જ નથી આપતો પરંતુ ખેડૂતો માટે પણ આશાનું કિરણ લઈને આવ્યો હતો.

### ગુજરાત હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો

## મુસ્લિમ દંપતી 'મુબારત'થી મૌખિક સંમતિથી છૂટાછેડા લઈ શકશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાત હાઈકોર્ટે મુસ્લિમ દંપતીના છૂટાછેડાને લઈને એક અત્યંત મહત્વનો અને ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, મુસ્લિમ દંપતી પરસ્પર સંમતિથી છૂટાછેડા લઈ શકે છે અને આ માટે 'મુબારક' નામની પ્રક્રિયાનો ઉપયોગ કરી શકાય છે. આ ચુકાદામાં, હાઈકોર્ટે રાજકોટની ફેમિલી કોર્ટના એક આદેશને રદ કર્યો છે. ફેમિલી કોર્ટે લેખિત કરારના અભાવે દંપતીની છૂટાછેડાની અરજી ફગાવી દીધી હતી, પરંતુ હાઈકોર્ટે આ નિર્ણયને અમાન્ય ગણાવ્યો છે. હાઈકોર્ટના આ ચુકાદાથી મુસ્લિમ સમુદાયમાં છૂટાછેડાની પ્રક્રિયા સરળ બની છે.હાઈકોર્ટની બેન્ચે પોતાના ચુકાદામાં જણાવ્યું કે, મુસ્લિમ કાયદા હેઠળ 'મુબારત' દ્વારા છૂટાછેડા લેવા માટે લેખિત કરારની જરૂર નથી. આ પ્રક્રિયામાં પતિ-પત્નીની મૌખિક સંમતિ જ પૂરતી છે. આ ચુકાદો ખાસ કરીને મહિલાઓ માટે રાહતરૂપ છે, જેમને ઘણીવાર છૂટાછેડાની જટિલ પ્રક્રિયાઓનો સામનો કરવો પડતો હોય છે. હાઈકોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે મુસ્લિમ કાયદો પરસ્પર સંમતિથી છૂટાછેડા લેવાની પ્રક્રિયાને માન્યતા આપે છે. આ ચુકાદાથી એ સ્પષ્ટ થયું છે કે ફેમિલી કોર્ટ દ્વારા લેખિત કરારની માગણી એ કાયદાની જોગવાઈઓથી વિરુદ્ધ હતી.આ કેસમાં એક મુસ્લિમ દંપતીએ પરસ્પર સંમતિથી છૂટાછેડા લેવા માટે રાજકોટની ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. ફેમિલી કોર્ટે લેખિત કરારના અભાવે અરજી ફગાવી દેતા દંપતીએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે ફેમિલી કોર્ટના આદેશને ગેરકાયદેસર ગણાવીને રદ કર્યો છે.

## અમદાવાદના બોપલમાં બે રાઉન્ડ ફાયરિંગ, એકનું મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાતમાં અસામાજિક તત્ત્વોનો આતંક દિન-પ્રતિદિન વધતો જઈ રહ્યો છે. એમાં પણ અમદાવાદ જેવા શહેરોમાં ફાયરિંગ અને ઘાતક હથિયારો લઈને ફરતા ગુંડાઓના સમાચાર જાણે સામાન્ય બની રહ્યા છે. એવામાં શહેરમાંથી વધુ એક ખુલ્લેઆમ ફાયરિંગની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, અમદાવાદના બોપલ વિસ્તારમાં અજાણ્યા યુવકો દ્વારા બે રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું.






## PUBLIC NOTICE

I, Ektakumari S Kushwah, residing at B/702, Radhe Govind Galaxy, Behind Shalby Hospital, Nr Haridarshan Cross Road, Naroda, Ahmedabad 382330, and at L1206 Tivoli, Godrej Garden City, Ahmedabad 382470, hereby declare that I have changed my name to Tressha Kushwah. Henceforth, I will be known as Tressha Kushwah for all legal, official, and personal purposes.

For any further inquiries, I can be contacted at:
Mobile Numbers: 7043432415, 9825766667
Date: 12 August 2025
Place: Ahmedabad


**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya